
November 2026 - Issue 11
Retail Price ₹ 15/-

Gyan Amrit
જ્ઞાનામૃત





પોરબંદરમાં ૭૭મો વન મહોત્સવ નિમિત્તે 'સર્વોદય વન લોકાર્પણ'ના પ્રસંગે ગુજરાતના મુખ્ય મંત્રીશ્રી ભ્રાતા ભુપેન્દ્રભાઈ પટેલને ઈશ્વરીય સોગાત આપતાં બ્ર.કુ. લીનાબેન.



ઈન્દ્રપ્રસ્થ GGRCમાં આયોજીત 'સંજીવની આંતરરાષ્ટ્રીય રીટ્રીટ' કાર્યક્રમમાં USAના બ્ર. કુ. ડૉ. પ્રશાંતભાઈ, બ્ર.કુ. ડૉ. નેહાબેન, બ્ર.કુ. ડૉ. મુકેશભાઈ, બ્ર.કુ. નંદાબેન તથા સંજીવની ટીમ.



ભાવનગરમાં 'પારિવારીક સદભાવના જાગૃતિ અભિયાન'માં ચેરપર્સન બ્ર.કુ. ચંદ્રિકાબેન, માઈક્રોસાઈનના CEO નિશીથભાઈ, કથ્થક નેસ્ટ સ્કુલના નીપાબેન, મંગલમ ચેરીટેબલના ટ્રસ્ટી કિશનભાઈ, બ્ર.કુ. તૃપ્તિબેન.



અટલાદરામાં કલા-સાંસ્કૃતિક કાર્યક્રમમાં બ્ર.કુ. નેહાબેન, પરફોર્મીંગ આર્ટસ્‌ના ડીન અજયભાઈ, લોકગાયક પીયુદાન ગઢવી, દીક્ષા એકેડમીના સપનાબેન, બ્ર.કુ. જાગૃતિબેન, બ્ર.કુ. ડૉ. અરૂણાબેન.



ઈસનપુરમાં કલા અને સાંસ્કૃતિક પ્રભાગના અભિયાનમાં બ્ર.કુ. ઉષાબેન, એક્ટર-લેખક બિમલભાઈ, સંગીત વિશારદ સમીરભાઈ, રાધેશ્યામ ગરબા ક્લાસીસના કરણભાઈ, બ્ર.કુ. જાગૃતિબેન, બ્ર.કુ. ડૉ. મુકેશભાઈ.



અમદાવાદના નવા નરોડા સેવાકેન્દ્રના '૨૪મા વાર્ષિક ઉત્સવ પ્રસંગે' કેક કટીંગ કરતાં મહાદેવનગર સબઝોન સંચાલિકા બ્ર.કુ. ચંદ્રિકાબેન સાથે બ્ર.કુ. સુલોચનાબેન, બ્ર.કુ. તૃપ્તિબેન.



સુરત મોટા વરાછા ખાતે સુદામા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજીત 'ગણેશ ઉત્સવ' કાર્યક્રમમાં બ્ર.કુ. મીનાબેનનું સન્માન કરતાં આયોજક ભગિની કોમલબેન બાજુમાં બ્ર.કુ. દિવ્યાબેન.



પાસોદરા ખાતે 'વિશ્વ વરિષ્ઠ નાગરિક દિવસ' નિમિત્તે આયોજીત વડીલોના સન્માન સ્નેહમિલન બાદ સમુહચિત્રમાં બ્ર.કુ. હર્ષાબેન.

Gyan Amrit
જ્ઞાનામૃત

વર્ષ ૧૯ નવેમ્બર - ૨૦૨૬ અંક : ૧૧

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર

અમૃતસૂચિ

- દીપ જ્યોતિનું પર્વ દિવાળી .....તંત્રી સ્થાનેથી ..04
- પ્રભુ પ્રસાદ - માનવતા .....બ્ર.કુ. નીતા ..06
- પ્રભુને પત્ર .....બ્ર.કુ. ઉમેશ ..08
- જ્ઞાન પરબ - સુખ - એક સતોગુણ .....બ્ર.કુ. જગદીશ ..10
- સુખ-શાંતિનો સુપ્રીમ મોલ .....બ્ર.કુ. અનંત ..13
- બાળ સરિતા - શ્રાદ્ધ નિમિત્તે જીવન સાતત્ય ....બ્ર.કુ. અનુ ..14
- રાજયોગિની કિસાનીદીદીજી .....બ્ર.કુ. હેમંત ..16
- પરમાત્મા સાથેનો સંબંધ-જીવનની સુંદર .....બ્ર.કુ. નીલમ ..19
- યુવા સૌરભ - યુવા શિવપિતાની આશા ...બ્ર.કુ. મુકેશભાઈ ..20
- દિવાળીએ કરીએ - સફાઈ .....બ્ર.કુ. વિવેકાનંદ ..22
- આરોગ્યની અમૃતધારા - વ્યસનો શા માટે ...બ્ર.કુ. અજીત ..26
- જ્ઞાનામૃતની સેવાયોજના .....બ્ર.કુ. ડો. નંદીની ..28
- વર્ષ 2027 જ્ઞાનામૃતની સૂચના - આભાર.બ્ર.કુ. ડો. નંદીની ..29
- દિવાળીનું આધ્યાત્મિક રહસ્ય .....બ્ર.કુ. કરણ ..30
- વાચકોના પ્રતિભાવ 33
- પ્રેમનો પ્રકાશ .....બ્ર.કુ. જૂનાગઢ ..33
- સંગમયુગની પ્રશ્નાવલી 34

2026 ના લવાજમના દર

ભારતમાં

વાર્ષિક લવાજમ	રૂ.	૧૩૦.૦૦
આજીવન સભ્ય	રૂ.	૨,૨૦૦.૦૦
છૂટક નકલ	રૂ.	૧૫.૦૦

વિદેશમાં

એરમેઈલ વાર્ષિક	રૂ.	૧,૬૦૦.૦૦
આજીવન સભ્ય	રૂ.	૧૨,૦૦૦.૦૦

મુદ્રક અને પ્રકાશક

ભારતી રણછોડદાસ સોમૈયા

તંત્રી

ડો. નંદિની હર્ષદરાય દ્વિવેદી

માલિક

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય

જ્ઞાનામૃત માટે કૃતિઓ, ફોટા, લેખ, કવિતા, અન્ય પ્રકાશન સામગ્રી તંત્રીશ્રી, જ્ઞાનામૃત કાર્યાલયના નામે - સરનામે મોકલવા અથવા ઈમેઈલ દ્વારા મોકલવા gyanmrit.guj@gmail.com

વિશેષ નોંધ :~ જ્ઞાનામૃતનું નવું વર્ષ જાન્યુઆરી 2027થી શરૂ થનાર છે. આપ સર્વેને વિનંતી કે, આપને સભ્ય બનવા તથા અંક મેળવવા માટે તાત્કાલિક તા. 30-11-2026 સુધીમાં આપનું નામ નજીકના સેવાકેન્દ્ર ઉપર અથવા જ્ઞાનામૃત કાર્યાલય ખાતે અવશ્ય નોંધાવી ઈશ્વરીય સેવાના કાર્યમાં સાથ-સહકાર જરૂર આપશો.

જ્ઞાનામૃતના બેંક ખાતાની વિગતો

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય

Account No. : **03290100041261** IFSC Code : **BARB0GITAMA**

Bank Name : **BANK OF BARODA, Geeta Mandir Branch**

જ્ઞાનામૃત કાર્યાલય - પ્રકાશન સ્થળ - ગુજરાત ઝોન મુખ્યાલય

બ્રહ્માકુમારીઝ, સુખશાંતિ ભવન, ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ - 380 022.

Mobile : **+91 94267 08448** Phone : **079 - 2532 4460**

Email : **gyanamrit.guj@gmail.com**

તંત્રી સ્થાનેથી

નવા સંકલ્પ અને ઉમંગ સાથે નવી સવાર

દીપ જ્યોતિનું પર્વ દિવાળી

દીપ જ્યોતિનું પાવન પર્વ એટલે દિવાળી! અંધકારમાંથી પ્રકાશ તરફ, નિરાશામાંથી આશા તરફ, અસત્યમાંથી સત્ય તરફ અને સામાન્ય જીવનમાંથી શ્રેષ્ઠ જીવન તરફ આગળ વધવાનો સંદેશ આપતું આ પર્વ ભારતીય સંસ્કૃતિની અદભુત આધ્યાત્મિક પરંપરાનું પ્રતીક છે. દિવાળીના દીપકની એક નાનકડી જ્યોત આપણને સ્મૃતિ અપાવે છે કે, અંધકાર ગમે તેટલો ગાઢ હોય, એક નાનકડો પ્રકાશ પણ તેને દૂર કરવાની શરૂઆત કરી શકે છે.

દિવાળી માત્ર ઘરની સફાઈ, દીવા પ્રગટાવવા, નવા વસ્ત્રો પહેરવા અને મીઠાઈ વહેંચવાનું પર્વ નથી. પરંતુ મન-બુદ્ધિ-સંસ્કારોની સફાઈ કરવાનો આધ્યાત્મિક ઉત્સવ છે. ઘરની સફાઈની સાથે-સાથે જો મનમાંથી જૂની ફરિયાદો, અણગમો, ઈર્ષ્યા, ક્રોધ, અહંકાર અને નિરાશાના જાળાં પણ સાફ થઈ જાય, તો સાચા અર્થમાં દિવાળી ઉજવાઈ કહેવાય.

આપણે દર વર્ષે ઘરના ખૂણે-ખૂણે દીવા પ્રગટાવીએ છીએ, પરંતુ આજે એક પ્રશ્ન સ્વયંને પૂછીએ કે, મારા અંતરમનમાં પ્રકાશ કેટલો છે? મારા વિચારોમાં શાંતિ અને શબ્દોમાં મધુરતા કેટલી છે? મારા વ્યવહારમાં પ્રેમ અને મારા વિચારોમાં પવિત્રતા કેટલી છે? પણ જો આપણે અધ્યાત્મને સમજીએ તો, સાચો પ્રકાશ બહારના દીવામાં નહીં, પરંતુ આત્મજ્યોતિના જાગરણમાં છે. આત્મા સ્વયં શાંતિ, પવિત્રતા, પ્રેમ, આનંદ અને શક્તિનું મૂળ સ્વરૂપ છે. જ્યારે આપણે પરમાત્મા શિવની સ્મૃતિમાં આત્મચેતનામાં સ્થિર થઈએ, ત્યારે અંતરમનની જ્યોતિ પ્રજ્વલિત થાય છે, આ જ્યોતિ આપણા વિચારોને શ્રેષ્ઠ બનાવે છે. વાણીમાં મધુરતા લાવી કર્મોમાં દિવ્યતા ભરે છે.

દિવાળીનો દીપક આપણને એક સંદેશ આપે છે - સ્વયં પ્રકાશિત બનો અને બીજાના જીવનને પણ પ્રકાશિત કરો. દીવો પોતે બળે છે પણ આસપાસ તો પ્રકાશ ફેલાવે છે. તેવી જ રીતે આપણા જીવનમાં જ્ઞાન, સદભાવના અને શુભભાવના હોય તો પરિવાર, સમાજ અને રાષ્ટ્રમાં પણ સુખ-શાંતિનો પ્રકાશ ફેલાવી શકાય.

ગુજરાતી પરિવારો માટે દિવાળી પર્વનું વિશેષ આગવું મહત્વ છે. દિવાળી પછી આવતું બેસતું વર્ષ - નૂતન વર્ષ એટલે કે ફક્ત વર્ષ બદલાતું નથી. તે જીવનને નવી દિશા આપવાની તક છે. નવું વર્ષ એટલે નવી દૃષ્ટિ, નવા વિચારો અને નવા સંકલ્પો. ગયા વર્ષે જાણે અજાણ્યે આપણે જો કોઈને દુઃખ આપ્યું હોય તો ભૂલી ક્ષમા માંગી લઈએ. થયેલી ભૂલને યાદ કરવાથી મન ભારે થઈ જાય છે માટે આવો, આ દિવાળીએ એક સુંદર સંકલ્પ કરીએ - 'જે થયું તેને પૂર્ણવિરામ, જે કરવાનું છે તેનો શુભારંભ.' નવું વર્ષ આપણને સંદેશો આપે છે કે ગઈકાલના અનુભવમાંથી શીખો, પરંતુ વીતી ગયેલી વાતોનું ભારણ લઈને ન જીવો. પરમાત્માના આદેશ અનુસાર, પોતાના વિચારો પર ધ્યાન આપો કારણ કે વિચાર બીજ છે, શબ્દ તેનું ફળ છે અને કર્મ તેનું પરિણામ છે. માટે નવા વર્ષે જીવનમાં પરિવર્તન કરવાની શરૂઆત માત્ર બહારથી નહીં, પણ વિચારોથી કરવી ખુબ જરૂરી છે.

સંબંધોમાં પ્રકાશ પ્રગટાવીએ

આજના સમયમાં સુવિધાઓ ઘણી વધી છે, પણ સંબંધોમાં ઉષ્મા ઘટતી જાય છે. ઘરમાં દીવાબત્તીઓ, રોશનીની હારમાળાઓ હોય, પણ હૃદયમાં ક્યાંક અંતર હોય છે. સાચી દિવાળી એટલે સંબંધોને પ્રકાશિત કરવા. પરિવારમાં એકબીજાની વાતનું સન્માન કરવું, ભૂલોને માફ કરવી, અપેક્ષા કરતાં વધુ સહયોગ આપવો, જવાબદારીઓ નિભાવવી - આ શ્રેષ્ઠ સંબંધોની શરૂઆત છે. એક નાનું સ્મિત, એક મધુર શબ્દ, એક શુભેચ્છા, એક ક્ષણની સહાનુભૂતિ કોઈના જીવનમાં દીવા સમાન પ્રકાશ કરી દે છે.

આંતરિક સફાઈ એટલે સાચી દિવાળી

દિવાળી પહેલાં આપણે આખા ઘરની સાફ-સફાઈ કરીએ છીએ. વર્ષભર ઉપયોગમાં ન આવતી વસ્તુઓ કાઢી નાખીએ. તેવી રીતે મનમાં પણ કેટલાય સમયથી પડેલી જૂની આદતો અને સંસ્કારોની સફાઈ જરૂરી છે. ક્રોધરૂપી કચરો દૂર કરીએ. અહંકારનો ભાર ઉતારીએ. ઈર્ષ્યાને વિદાય આપીએ. નકારાત્મક વિચારોને પરિવર્તિત કરીએ. અને મનમાં પ્રેમ, શાંતિ, પવિત્રતા અને શુભભાવનાના દીવા પ્રગટાવીએ. આવી આંતરિક સફાઈથી જ આંતરિક સૌંદર્ય પ્રગટે.

આ દિવાળીએ લક્ષ્મીપૂજનની સાથે-સાથે જીવનની સાચી સંપત્તિને પણ ઓળખીએ. ધન જીવન માટે જરૂરી છે. પરંતુ શાંતિ, સ્વાસ્થ્ય, સારા સંબંધો, સારા સંસ્કારો અને સંતોષના ધન વિના સુખી થવાતું નથી. ભારતીય સંસ્કૃતિમાં સમૃદ્ધિનો અર્થ માત્ર ભૌતિક સંપત્તિ નથી. સંતોષ, સદ્‌ભાવ, સદાચાર, સાત્વિકતા સાચી સમૃદ્ધિ-સંપત્તિ છે.

નવા વર્ષનો નવો સંકલ્પ

આવો, આ નવા વર્ષના પ્રથમ દિવસે આપણે સંકલ્પ કરીએ - હું દરરોજ થોડો સમય આત્મચિંતન કરીશ. મારા વિચારોમાં શુદ્ધતા રાખીશ. દરેક આત્માને સન્માનની દૃષ્ટિથી જોઈશ. હું પરિવાર માટે ચોક્કસ સમય કાઢીશ. હું પ્રકૃતિ અને સમાજ પ્રત્યે જવાબદારી નિભાવીશ. હું સમાધાનની વાત કરીશ અને સૌથી મહત્વનું હું પોતે ખુશ રહીશ અને અન્યના જીવનમાં પણ ખુશીના દીવા પ્રગટાવીશ.

જીવનને શ્રેષ્ઠ બનાવવા નવું વર્ષ નિમંત્રણ આપે છે કે, ચલો... હવે જૂના સંસ્કારોને બદલીએ, નવી ચેતના જગાવીએ. જેમ દીપમાળાનો દરેક દીવો અલગ-અલગ હોય પણ બધા દીવા ભેગા મળીને ઉજાસ ફેલાવે છે. તેવી જ રીતે સમાજ અને રાષ્ટ્રના દરેક વ્યક્તિ સાથે મળીને સુખી અને શાંતિમય સમાજનું નિર્માણ કરે. હવે આ દિવાળીએ માત્ર ઘર નહીં, હૃદય પણ પ્રકાશિત કરીએ. માત્ર દીવા નહીં, આત્મજ્યોતિ પ્રગટાવીએ. માત્ર વર્ષ નહીં, જીવનની દિશા બદલીએ. માત્ર શુભેચ્છા નહીં, શુભ સંકલ્પ કરીએ.

આવો, પરમાત્માની યાદ અને રાજયોગની શક્તિથી અંતરમાં એવી જ્યોતિ પ્રગટાવીએ જે ક્યારેય બુઝાય નહીં. આપણી પવિત્ર દૃષ્ટિ કોઈનું જીવન પણ બદલી શકે. એક શુભ સંકલ્પ પરિવારને સુખી બનાવી શકે અને સાત્વિક જીવન સમાજમાં નવી આશા લાવે છે.

દીપ જ્યોતિનું પર્વ દિવાળી આપ સૌ જ્ઞાનામૃતના લાડીલા સભ્યો, વાચકો, અથક લેખકો, શુભેચ્છકો તથા ઈશ્વરીય પરિવારના સૌ બ્રાહ્મણ કૂલવાડીના જીવનમાં સદા શાંતિ, પવિત્રતા, સુખ, સમૃદ્ધિ અને આત્મિક શક્તિનો પ્રકાશ લાવે તથા નૂતન વર્ષ આપ સૌના જીવનમાં

(અનુસંધાન પેજ નં. 09 પર)

પ્રભુ પ્રસાદ

માનવતા

બ્ર.કુ. નીતા, પાટણ

માનવ જીવનનું સૌથી સુંદર અને શ્રેષ્ઠ આભૂષણ જો કોઈ હોય તો તે માનવતા છે. મનુષ્યને અન્ય તમામ જીવોથી અલગ બનાવતી સૌથી મોટી વિશેષતા તેની માનવતા, કરુણા, પ્રેમ અને પરોપકારની ભાવના છે. પરંતુ સદાચાર, દયા, ક્ષમા, સહાનુભૂતિ અને સેવા જેવા ગુણો તેને સાચા અર્થમાં 'માનવ' બનાવે છે. માત્ર માનવ શરીર પ્રાપ્ત થવાથી કોઈ સાચો મનુષ્ય બની જતો નથી, માટે જ તો કવિ સુન્દરમે કહ્યું છે કે 'હું માનવી માનવ થાઉં તો ઘણું' આપણે વર્તમાન સમયે માનવ પણ ન કહી શકાય એટલી હદે નીચે આવી ગયા છીએ. જાનવર ને નથી કહેવું પડતું કે, તું જાનવર થા. જેમ કૂતરો પોતાની વફાદારી નિભાવે છે.પરંતુ માણસ? માટે જ પરમાત્મા આપણને માનવમાંથી દેવ બનવાનું લક્ષ આપે છે. પરંતુ તેના માટે દિવ્યગુણોની જરૂર છે.

આજના આધુનિક અને ભૌતિકવાદી યુગમાં વિજ્ઞાન અને ટેકનોલોજીએ અદભૂત વિકાસ કર્યો છે, પરંતુ તેની સાથે માનવ સંબંધોમાં અંતર પણ વધ્યું છે. લોકો પાસે સુવિધાઓ વધી છે, પરંતુ સમય, સંવેદના અને પ્રેમ ઘટ્યા છે. આવી પરિસ્થિતિમાં માનવતાનું મહત્વ પહેલાં કરતાં વધુ વધી ગયું છે.

માનવતાનો અર્થ

'માનવતા' શબ્દનો અર્થ છે - દરેક જીવ પ્રત્યે પ્રેમ, દયા, કરુણા, સહાનુભૂતિ અને સન્માનની ભાવના રાખવી. કોઈપણ વ્યક્તિના ધર્મ, જાતિ, ભાષા, પ્રદેશ, સંપત્તિ કે સામાજિક સ્થિતિના આધારે ભેદભાવ કર્યા વિના તેને સમાન માન આપવું એ જ સાચી માનવતા છે. માનવતા આપણને શીખવે છે કે સમગ્ર વિશ્વ એક પરિવાર છે - 'વસુધૈવકુટુંબકમ્'. તેથી દરેકનું સન્માન કરવું જોઈએ.

માનવતાનું મહત્વ

માનવતા વ્યક્તિને મહાન બનાવે છે. ધન, પદ અને પ્રતિષ્ઠા સમય સાથે બદલાઈ શકે છે. પરંતુ માનવતા જીવનભર વ્યક્તિની સાચી ઓળખ બની રહે છે. જ્યાં માનવતા હોય ત્યાં પ્રેમ, વિશ્વાસ અને શાંતિ હોય છે. જ્યાં માનવતા ન હોય ત્યાં સ્વાર્થ, હિંસા, દ્વેષ અને અશાંતિ જન્મે છે. માનવતાના ગુણો વ્યક્તિને માત્ર સારો નાગરિક જ નહીં પરંતુ સારો પરિવારજન, મિત્ર અને સમાજ-સેવક પણ બનાવે છે.

માનવતાના મુખ્ય ગુણો

દયા - દયા એ માનવતાનો આધાર છે. કોઈ દુઃખી વ્યક્તિને મદદ કરવી, ભૂખ્યા વ્યક્તિને ભોજન આપવું અથવા ઘાયલ પ્રાણીની સારવાર કરવી એ દયાના ઉત્તમ ઉદાહરણો છે.

કરુણા - બીજાના દુઃખને પોતાનું દુઃખ સમજી તેને દૂર કરવાનો પ્રયાસ કરવો એટલે કરુણા. કરુણાથી સમાજમાં પ્રેમ અને ભાઈચારો વધે છે.

સેવા - નિઃસ્વાર્થ ભાવથી કરવામાં આવતી સેવા એ માનવતાનું જીવંત સ્વરૂપ છે. સેવા જ્યારે કોઈ અપેક્ષા રાખ્યા વગર કરવામાં આવે ત્યારે તેનું સાચું મૂલ્ય છે.

ક્ષમા - ક્ષમા વ્યક્તિને આંતરિક શાંતિ આપે છે. ભૂલોને માફ કરીને આગળ વધવું એ મહાન માનવતાની નિશાની છે.

સહાનુભૂતિ - બીજાની લાગણીઓને સમજવી અને જરૂરિયાતના સમયે તેની સાથે ઊભા રહેવું. એ સાચી સહાનુભૂતિ છે. મહાન વ્યક્તિત્વો જેમ કે મહાવીર સ્વામી, ગૌતમ બુદ્ધ, મહાત્મા ગાંધી, સ્વામી વિવેકાનંદ, મધર ટેરેસા જેવા અનેક મહાન આત્માઓએ સમગ્ર જીવન માનવસેવા માટે સમર્પિત કર્યું. મહાત્મા ગાંધી કહેતા-"સાચી માનવતા એ જ છે કે આપણે સૌથી નબળા માણસના કલ્યાણનો વિચાર કરીએ." મધર ટેરેસાએ ગરીબો, દર્દીઓ અને નિરાધારોની સેવા કરીને સમગ્ર વિશ્વને માનવતાનો સાચો પાઠ શીખવ્યો. આજના યુગમાં લોકો પોતાના જીવનમાં એટલા વ્યસ્ત બની ગયા છે કે તેમને બીજાના સુખ-દુ:ખનો વિચાર કરવાનો સમય જ મળતો નથી. સામાજિક માધ્યમો દ્વારા સંપર્ક વધ્યો છે, પરંતુ હૃદયથી સંબંધો ઓછા થયા છે.

કોરોના મહામારી દરમિયાન આપણે માનવતાના અનેક સુંદર ઉદાહરણો જોયા. ઘણા લોકોએ નિ:સ્વાર્થ ભાવથી દર્દીઓની સેવા કરી, ભોજન પહોંચાડ્યું, દવાઓ ઉપલબ્ધ કરાવી અને જરૂરિયાતમંદોની મદદ કરી. આવા પ્રસંગોએ સાબિત કર્યું કે માનવતા હજુ પણ જીવંત છે.

વિદ્યાર્થી જીવનમાં માનવતા ખૂબ જ જરૂરી છે. મિત્રો સાથે પ્રેમથી વર્તવું, શિક્ષકોનું સન્માન કરવું, શાળાની મિલકતનું રક્ષણ કરવું, ગરીબ વિદ્યાર્થીઓને મદદ કરવી અને પર્યાવરણની સંભાળ રાખવી એ માનવતાના ઉત્તમ ઉદાહરણો છે. જો બાળપણથી જ માનવતાના સંસ્કારો આપવામાં આવે તો, ભવિષ્યમાં સારા નાગરિકો તૈયાર થાય. માનવતા સમાજમાં એકતા, શાંતિ અને સહકાર વધારવાનું સૌથી મોટું સાધન છે. જો દરેક વ્યક્તિ માત્ર એક સારો માનવી બનવાનો સંકલ્પ કરે તો, અનેક સામાજિક સમસ્યાઓ આપોઆપ દૂર થઈ શકે. માનવતાથી ભરેલો સમાજ હિંસા, ભેદભાવ, ભ્રષ્ટાચાર અને અપરાધથી મુક્ત બની શકે છે.

માનવતા કેવી રીતે કેળવવી?

- દરરોજ ઓછામાં ઓછું એક સારું કાર્ય કરવું.
- જરૂરિયાતમંદોને શક્ય તેટલી મદદ કરવી.
- વૃદ્ધો, દિવ્યાંગો અને ગરીબો પ્રત્યે સંવેદના રાખવી.
- કોઈની મજાક ન ઉડાવવી.
- દરેક વ્યક્તિનું સન્માન કરવું.
- પ્રાણીઓ અને પર્યાવરણ પ્રત્યે દયા રાખવી.
- ક્ષમા અને સહનશીલતા કેળવવી.
- સ્વાર્થને બદલે પરોપકારને મહત્વ આપવું.

માનવતા એ કોઈ એક ધર્મ, સમાજ કે દેશની મિલકત નથી, તે સમગ્ર માનવજાતનો અમૂલ્ય વારસો છે. સાચી પ્રગતિ માત્ર વૈજ્ઞાનિક વિકાસમાં નથી, પરંતુ માનવતાના વિકાસમાં છે. જીવનમાં ધન, પદ અને પ્રસિદ્ધિ કરતાં સારા સંસ્કાર, કરુણા, પ્રેમ અને સેવા વધુ મહત્વના છે.

ચાલો, આપણે સૌ સંકલ્પ કરીએ કે, દરેક વ્યક્તિ સાથે પ્રેમ, દયા અને સન્માનથી વર્તી માનવતાના મૂલ્યોને જીવનમાં ઉતારીએ. કારણ કે સાચો મનુષ્ય એ નથી જે માત્ર પોતાના માટે જીવે, પરંતુ એ છે જે બીજાના જીવનમાં સુખ, આશા અને સ્મિત લાવવાનો પ્રયત્ન કરે.

'જનસેવા એ જ પ્રભુ સેવા છે.'

'માનવતા જ માનવનો સૌથી મોટો ધર્મ છે.'

'જ્યાં પ્રેમ, દયા અને કરુણા છે, ત્યાં જ સાચી માનવતા વસે છે.'

॥ ઓમ શાંતિ ॥

પ્રભુને પત્ર

બ્ર.કુ. ઉમેશભાઈ, ઉમરગામ

મારા પરમપ્રિય બાબા,

પ્રદૂષણ (પોલ્યુશન) અનેક પ્રકારનાં છે - માટી પ્રદૂષણ , પાણી પ્રદૂષણ, હવા પ્રદૂષણ, હમણાં થોડો સમય પહેલાં મેં તમારી સાથે ધ્વનિ પ્રદૂષણ વિશે વાત કરી હતી. હાલમાં મેં એક શબ્દ વાંચ્યો 'પ્રકાશ પ્રદૂષણ', આ પ્રકારના પ્રદૂષણ વિશે પહેલી વાર વાંચીને મારું મન વિચારે ચઢી ગયું. પ્રકાશ પણ પ્રદૂષણ હોઈ શકે? પછી હું એ નિષ્કર્ષ પર પહોંચ્યો કે હા, પ્રકાશ પ્રદૂષણ હોઈ શકે એટલું નહીં, પરંતુ છે જ.

બાબા, હજુ તો માંડ થોડાં વર્ષ અગાઉ દિવસ અને રાત્રિ વચ્ચે સ્પષ્ટ ભેદ હતો. આ ભેદ હવે ધીમે ધીમે ઓછો થતો જાય છે. ગામડાંઓમાં તો ઠીક છે, પણ શહેરોમાં રાતની ચકાચોંધ હવે પજવે છે. બજારોમાં, રાત્રિ બજારોમાં, દુકાનોની અંદર અને બહાર, મોલમાં એલ.ઈ.ડી. લાઈટોનો ઝગમગાટ ભયંકર રીતે વધી રહ્યો છે. રસ્તા પરની લાઈટમાં પણ અગાઉ તો કેરોસીન લેમ્પ હતા. પછી આવ્યા મર્ક્યુરી લેમ્પ. એનું સ્થાન લીધું સોડિયમ લેમ્પે. હવે તો સ્ટ્રીટ લાઈટો પણ ખૂબ જ પ્રકાશ ફેંકે છે. જો કે અગાઉના મર્ક્યુરી લેમ્પની રોશની ખૂબ ઓછી હતી એ ખરું. આજે તો વાહનોની લાઈટ એટલો પ્રકાશ ફેંકે છે કે ન પૂછો વાત. તેમાં યે એલ.ઈ.ડી. લાઈટો તો સામેના વાહનચાલકની આંખોને આંધળી કરી મૂકે છે. આ પ્રદૂષણ જ છે ને બાબા? રાતના અંધારામાં રોશનીથી આંખો અંજાઈ જવાથી પણ અકસ્માતો થાય છે. દુકાનોની લાઈટ, રસ્તા પરની લાઈટ તથા વાહનોની લાઈટ ઉપરાંત મોટાં મોટાં હોર્ડિંગ્સની પાવરફુલ લાઈટ આ પ્રદૂષણમાં ઉમેરો કરે છે. આજે લાઈટ, લોકોનું ધ્યાન આકર્ષવાનું સાધન બની ગઈ છે. આ અત્યંત ખોટું છે. મોટાં શહેરોમાં રાત્રે 12 કે 2 વાગ્યા સુધી બજારો અને રેસ્ટોરાં ખુલ્લા રહે છે. ત્યાં પ્રચંડ રોશની એટલા વાગ્યા સુધી રેલાતી રહે છે. તેથી મેં કહ્યું કે દિવસ અને રાત્રિ વચ્ચેનો ભેદ ખૂબ ઓછો થઈ ગયો છે. ક્રિકેટ જેવી મેદાની રમતો આજે રાત્રિના અંધકારમાં ફ્લડ લાઈટની વ્યવસ્થા કરીને આરામથી રમાય છે. એટલે કે ફ્લટ લાઈટ્સ દિવસ જેવું અજવાળુ ખેલાડીઓ માટે રેલાવી આપે છે. આ રાત્રિ મેચોની આવશ્યકતા ખરી? ખર્ચ પણ કેટલો બધો થાય! રાતને દિવસ બનાવીને મેચ રમાડવી એ ચાર્મ અને ક્રેઝ વધારવા સિવાય કંઈ નથી. એમાં ચાર્મ શું વધે છે એ તો આયોજકો જ જાણે. વળી, આ ફ્લડ લાઈટ્સ માત્ર મેદાન પર જ પ્રકાશ રેલાવે છે એવું નથી. આ પ્રકાશ પરાવર્તન પામીને આકાશ સુધી પહોંચે છે અને કુદરતી સંતુલન ખોરવે છે. શહેરોની એલ.ઈ.ડી. લાઈટ્સ એ હાઈ માસ્ટ ટાવર્સની લાઈટ પણ આ જ અંજામ નોતરે છે. રાત ટૂંકી થતી જાય છે. કુદરતે દિવસ અને રાતનું જે ચક્ર ગોઠવેલું છે એમાં ખલેલ જરૂર પહોંચી છે.

બાબા, નાનપણમાં મને ટેરેસ પર સૂઈને અંધારા આકાશમાં તારાઓ નિહાળતાં નિહાળતાં તમારી યાદમાં ખોવાઈ જવાનો શોખ હતો. આજે આકાશમાં અંધારું રહ્યું નથી. પૃથ્વી પરનો પ્રકાશ ત્યાં યે પહોંચ્યો છે અને હવે ત્યાં અંધારાને બદલે આછો ઉજાસ જ જોવા મળે છે.

આધુનિકતાના નામે મનુષ્ય જે કરી રહ્યો છે એણે નિશાચર પક્ષીઓને અપાર વેદના પહોંચાડી છે. તેઓની જૈવિક ઘડિયાળ ખોરવાયેલી માલૂમ

પડે છે. માત્ર નિશાચર પ્રાણી-પક્ષીની જ નહીં. મનુષ્યની જૈવિક ઘડિયાળ પણ ખોરવાયેલી છે. સૂર્ય આથમતાં શરીર પોતાને ઊંઘ માટે તૈયાર કરવા માંડે છે, પરંતુ પ્રકાશનું પ્રદૂષણ આ સિસ્ટમને ખોરવી રહ્યું છે. રસ્તા પરની લાઈટ જ નહીં, મોબાઈલ, ટેબ્લેટ અને લેપટોપનો પ્રકાશ પણ આ ચક્ર ખોરવવાનું કાર્ય કરી રહ્યો છે. મોડે સુધી આ ગેજેટ્સ વાપરતાં લોકો રાત્રે 12.00 પછી ઊંઘે છે અને સવારે 8.00 વાગ્યા સુધી ઊંઘતા રહે છે. આને ખોરવાયેલી જૈવિક ઘડિયાળ નહીં કહીશું તો બીજું શું કહીશું, બાબા...

વહેલી રાતે જ શહેરની તેજ લાઈટ્સ બુઝાઈ જાય, બિનજરૂરી ફ્લટ લાઈટ બંધ કરાય, વાહન વ્યવહાર માટે કંઈક નિયંત્રણ આવે, દિવસ અને રાત વચ્ચેનો ભેદ ફરીથી સ્પષ્ટ બને, મોબાઈલનો ઉપયોગ રાત્રે 10.00 વાગ્યા પછી ન કરવામાં આવે એવું સ્વનિયંત્રણ આવે તો કુદરત, વન્ય સૃષ્ટિ અને માનવ જાત માટે ઘણું લાભકારી બની રહે એવું હું માનું છું.

લાઈટ પોલ્યુશન રોકવાના ઉપાય ઉપર બતાવ્યા એ તો બાહ્ય ઉપાય થયા. એ ઉપાયો લાગુ થાય યા તો કાયદાથી, યા તો મનુષ્યની સમજણ શક્તિથી. પરંતુ જો મનુષ્ય સ્વને સારી રીતે ઓળખી લે કે હું પોતે પોઈંટ ઓફ લાઈટ (જ્યોતિબિંદુ) છું, તો એને બહારી લાઈટનો ઝગમગાટ કરવાની જરૂર જ ન રહે. આજે મનુષ્યને સ્વનો પરિચય નથી. જો મનુષ્ય એ જાણી લે કે તે પોતે એક પ્રકાશબિંદુ આત્મા છે અને પ્રકાશપુંજ પરમાત્માનું સંતાન છે, તો એ પોતાનો પ્રકાશ વધારવાનો આધ્યાત્મિક પુરુષાર્થ કરશે. આત્માનો પ્રકાશ અત્યારે વિકારો અને દુર્ગુણોના આવરણોના કારણે ઝાંખો થયો છે. બાબા, તમે તો શક્તિશાળી પ્રકાશનો સ્ત્રોત છો. તમારી સાથે બુદ્ધિનું જોડાણ કરીને આત્મા આવરણો દૂર કરીને સાફ-સ્વચ્છ થઈને નિજ પ્રકાશ વધારી શકશે. જેનો અંતરાત્મા પ્રકાશિત થયો છે એને દુનિયાની ચકાચૌંધનો મોહ રહેતો નથી, એને એની જરૂર પણ રહેતી નથી. જ્યારે આમ થશે ત્યારે દુનિયા માત્ર પ્રકાશના પ્રદૂષણથી જ નહીં, પણ તમામ પ્રદૂષણથી મુક્ત થશે. અને ત્યારે દુનિયાનો સિનારિયો જ બદલાઈ જશે. જેનો અંતરાત્મા પ્રકાશિત છે એણે કોઈને આંજી નાંખવાની આવશ્યકતા રહેતી નથી.

ખરું ને બાબા ? હવે વિદાય લઉં...

॥ ઓમ શાંતિ ॥

બ્રહ્માકુમારી વિદ્યાલયનો ઈતિહાસ જાણવા માટે અને પ્રજાપિતા બ્રહ્માની જીવન કહાની જોવા માટે હિન્દી ફિલ્મ **'ભાગ્ય વિધાતા'** અવશ્ય જુઓ. હવે youtube ઉપર ફ્રી જોઈ શકો છો. બ્રહ્માકુમારી ફિલ્મ **'Bhagya Vidhata'** લખીને સર્ચ કરવું. અથવા QR Code સ્કેન કરશો તો પણ **'ભાગ્ય-વિધાતા'** ફિલ્મ ખુલશે.

(પેજ નં. 05નું અનુસંધાન)... દીપ જ્યોતિનું

નવા શ્રેષ્ઠ સંકલ્પો લઈ, નવા ઉમંગ-ઉત્સાહ સાથે નવી સવાર આવે તેવી અંતરમનની શુભેચ્છાઓ... શુભકામનાઓ...

'અંતરની જ્યોતિ પ્રગટે,
તો જીવન દિવાળી બની જાય;
સંકલ્પો પવિત્ર બને,
તો દરેક સવાર નવું વર્ષ બની જાય.'

શુભ દીપાવલી... સાલ મુબારક !

॥ ૐ શાંતિ ॥

બ્ર. કુ. ડો. નંદિની

જ્ઞાન પરબ

સુખ - એક સતોગુણ

બ્ર.કુ. જગદીશભાઈ, ઈસનપુર, અમદાવાદ

સમગ્ર સૃષ્ટિચક્ર એ સુખ અને દુઃખનો જ ખેલ છે. સૃષ્ટિની આદિમાં 2500 વર્ષ સુધી બસ સુખ જ સુખ હોય છે, કોઈ પ્રકારનું દુઃખનું નામ નિશાન હોતું નથી. જેમ રાત-દિવસનું ચક્ર હોય છે, તેમ આ સુખ-દુઃખનું પણ ચક્ર ચાલ્યા કરે છે. સુખ અને દુઃખ એકબીજાના વિરોધી શબ્દ છે. જેમ અંધકાર કોઈ વસ્તુ નથી, પરંતુ પ્રકાશનો અભાવ જ અંધકાર છે. તેમ દુઃખ પણ સુખના અભાવનું જ નામ છે. સંસાર સાગરમાં સુખ-દુઃખની લહેરો તો આવ્યા કરે. કોઈને નજીકના મિત્ર સંબંધીના મૃત્યુનું દુઃખ હોય તો, કોઈને શારીરિક કર્મભોગનું દુઃખ હોય, કોઈને પ્રકૃતિના તત્વો તરફથી દુઃખ મળે, તો કોઈને વ્યક્તિ કે વિરોધીઓ તરફથી દુઃખ મળે છે. આમ દુઃખ જુદી-જુદી રીતે થાય છે. સુખની વ્યાખ્યા પણ વ્યક્તિગત રીતે અલગ અલગ હોઈ શકે છે. ઘણાને સંસારની સુખ સાહ્યબીમાં જ સુખ ભાસે છે. તો કેટલાકને સાંસારિક સુખ કાગવિષ્ટા સમાન લાગે છે. સોનાના રમકડાથી રમતા રાજકુમારને માટીના રમકડાની ઈચ્છા હોય છે. જ્યારે માટીના રમકડાથી રમતા બાળકને સોનાના રમકડાની ઈચ્છા હોય છે. કોઈ શરાબ અને માંસાહારમાં સુખ શોધે, તો કોઈ તેના વિશે વિચારવાનું પણ પાપ સમજે છે. આત્મા આંખ, નાક, કાન, મુખ અને સ્પર્શ ઇન્દ્રિયોથી સુખનો અનુભવ કરે છે. પરંતુ આ સર્વે સુખોમાં સર્વશ્રેષ્ઠ સુખ તો ઇન્દ્રિયોથી પરે અતિઇન્દ્રિય સુખ જ છે.

ભગવાને સૃષ્ટિના આદિકાળમાં દુનિયાને સંપૂર્ણ સતોપ્રધાન બનાવી હતી. જ્યાં દુઃખ રતિ માત્ર પણ ન હતું. જેને આપણે સ્વર્ગ-હેવન, જન્નત કે પેરેડાઈઝ જેવા વિવિધ નામોથી ઓળખીએ છીએ. સતોપ્રધાન દુનિયામાં પ્રકૃતિ સહિત આત્મા પણ સંપૂર્ણ સતોપ્રધાન હતી અર્થાત આત્માના સાત ગુણ પ્રેમ, આનંદ, પવિત્રતા, શાંતિ, શક્તિ, જ્ઞાન અને સુખથી આત્મા ભરપૂર હતી. આ સાત ગુણ મુખ્ય એટલે કે સતોપ્રધાન રૂપે હોવાથી આત્માને સંપૂર્ણ સતોપ્રધાન કહેવામાં આવે છે. આ સાત ગુણોમાં સુખ વિશે આપણે બહુ જ ઓછું વિચારીએ છીએ. આત્મા જ્યારે સંપૂર્ણ સતોપ્રધાન સુખ સ્વરૂપ હોય છે. ત્યારે તેને કોઈ વસ્તુની અપ્રાપ્તિ હોતી નથી. કહેવાય છે કે તે સમયે ત્યાં ઘી-દૂધની નદીઓ વહેતી હતી. સોના, હીરા-મોતીના ભંડાર ભરપૂર રહેતા હતા. પ્રકૃતિ પણ સુખદાઈ સતોપ્રધાન સદાબહાર હોય છે. પશુ-પંખી પણ, મીઠો આવાજ અને નૃત્ય કરી મનોરંજન કરનાર હોય છે. નદી, ઝરણાં, પર્વત, બગીચા જેવી પ્રકૃતિ પણ સંપૂર્ણ સુખ પ્રદાન કરે છે. નિત્ય 56 પ્રકારના ભોગ જમવામાં મળે છે. વસ્ત્રો પણ સોના અને ચાંદીના તારકસબ વાળા અને એકવાર પહેરેલું વસ્ત્ર બીજી વાર ક્યારેય પહેરવું પડતું નથી. વસ્ત્રોને ધોવાની કે ઈસ્ત્રી કરવાની કોઈ જરૂર રહેતી નથી. ત્યાં હવા, પાણી, અવાજ કે વીજળી જેવું કોઈપણ પ્રકારનું પ્રદૂષણ હોતું નથી. ત્યાં કોઈપણ પ્રકારની બીમારી, અપંગતા કે ગાંડપણ હેતા નથી. સુખધામમાં કોઈ અકસ્માત, હત્યા કે બળાત્કાર થતા નથી. ત્યાં ઘરડાઘર, અનાથ-આશ્રમ, વેશ્યાલય, પોલીસ સ્ટેશન, જેલ, કોર્ટ, દવાખાના જેવું કંઈ હોય જ નહિ. સતોપ્રધાન

દુનિયામાં આતંકવાદ, નક્ષલવાદ, જાતિવાદ, પ્રાંતવાદ કે ભાષાવાદ હોતો નથી. તેથી તેને સુખધામ કહેવામાં આવે છે.

તો સવાલ એ થાય છે કે દુઃખ ક્યારથી અને શા માટે શરૂ થયું? જ્યારથી સ્વયંને આત્મા ભૂલીને દેહ સમજી પ્રકૃતિ સાથે પોતાની ઓળખ બનાવી ત્યારથી દુઃખ શરૂ થયું. જેમ પ્રકૃતિના તત્વો પણ સ્થિર નથી રહેતા. ઉપર-નીચે થાય છે. જેમ પાણી વહે, હવા ફેલાય, પૃથ્વીની નીચે જ્વાળામુખી ખળભળે, અગ્નિ ગરમી પ્રસરાવે, આકાશ વાદળ મારફતે પાણી વરસાવે છે. તેવી જ રીતે આ પ્રકૃતિના પાંચ તત્વોથી બનેલ શરીર પણ બાળક, કિશોર, યુવા અને વૃદ્ધ સ્થિતિમાં પણ પરિવર્તન થાય છે. શરીર સાજું-માંદુ થતું રહે છે. શરીરની બીમારી કે વૃદ્ધાવસ્થાને આત્માની બીમારી કે વૃદ્ધાવસ્થા ગણવી એ ભૂલ છે. આ પરિવર્તન રોકી ન શકાય પરંતુ મનના સંકલ્પોને સાચી દિશા જરૂર આપી શકાય. આ પરિવર્તન પણ હિસાબ ચૂકતે કરવા માટે જરૂરી છે, જે સ્વાભાવિક છે. આ પરિવર્તનનો સ્વીકાર કરી સાક્ષી બનીને રહેવાથી દુઃખ થશે નહીં. ભગવાન કહે છે સુખ દો, સુખ લો. કદી દુઃખ દો કે દુઃખ લો એમ કહેતા નથી. ભગવાન સુખના સાગર છે. ક્યારેય દુઃખની લહેરો લહેરાવતા નથી. ભગવાન તો સત્-ચિત્ત-આનંદ સ્વરૂપ છે. શેષ શૈયા પર મંદ-મંદ મુસ્કુરાતા અને સર્પ પર નૃત્ય કરતા ચિત્ર એ તો આપણી જ યાદગાર છે. માસ્ટર આનંદના સાગરને દુઃખ સ્પર્શતું નથી. ગાંધીજી કહેતા મારી મરજી વગર કોઈ મને દુઃખ આપી ન શકે. જેમ આપણે પશુને નદી કે તળાવ પર પાણી પીવડાવવા લઈ જઈએ છીએ પરંતુ તે ઈચ્છે તો જ પાણી પીશે. એવી જ રીતે કોઈ વ્યક્તિ આપણને દુઃખ બળજબરીથી આપી ન શકે. જો દુઃખ લેવાની ટેવ પડે, તો નાની-નાની બાબતોમાં પણ આપણે દુઃખી થતા રહીશું. ઘણા લોકો અંદરોઅંદર મનોમન દુઃખી થાય છે. કોઈવાર એકાંતમાં રડતા પણ હોય છે. એટલે ડિપ્રેશન જેવા મનોરોગમાં પણ ફસાય છે. ઘણીવાર આ વાત આપઘાત સુધી પહોંચી જાય છે. માટે દુઃખથી ડરીને જીવનનું રણ છોડીને ભાગવાનું નથી. પરંતુ માસ્ટર સર્વ- શક્તિવાન બની મુકાબલો કરવાનો છે. હાથના કર્યા હૈયે વાગી રહ્યા છે. જે આપેલું છે તે જ આપણને રિટર્નમાં પાછું મળી રહ્યું છે. માટે સત્કર્મ કરી પુણ્યનું ભાથું ભરી ભવિષ્યને સુધારવાનું છે. દુઃખમાં જ ભગવાન વધારે યાદ આવે, એટલે સકારાત્મક રીતે વિચારીએ તો બલિહારી આ દુઃખની ઘડીઓની, જે ભગવાનની વધારેને વધારે યાદ અપાવે છે. આપણે સુખના સાગરના બાળકો છીએ. સુખના સાગરના સંતાન હોવાને નાતે સુખ આપણામાં સ્વાભાવિક રૂપે જ વિદ્યમાન છે. સુખ આપણો સ્વધર્મ છે. દુઃખ રાવણનો એટલે કે પરધર્મ છે. કોઈ પોતાને ક્યારેય દુઃખી કરવાનું ઈચ્છશે નહીં. દુઃખને સકારાત્મક રીતે લઈએ તો તે આપણા જ કર્મોનું ફળ જે સહર્ષ સ્વીકારવું જ રહ્યું.

દુઃખ દૂર કરવાના ઉપાય

આપણે સૃષ્ટિ નાટકના હીરો હિરોઈન છીએ. સાક્ષી બનીને નાટકમાં રોલ કરવાનો છે. ડ્રામા એક્ચુરેટ હુબહુ રીપીટ થાય છે. દરેકનો પાર્ટ અલગ-અલગ છે. ડ્રામા કલ્યાણકારી છે. જે કંઈ પણ થઈ રહ્યું છે તે સારું છે, જે થશે તે પણ શ્રેષ્ઠ થશે અને જે થઈ ગયું તે પણ સારામાં સારું હતું, તેમ વિચારી વીતી ગયેલી વાતોને પુનઃ યાદ કરી દુઃખી થવાનું નથી.

કહેવાય છે કે સંતોષી નર સદા સુખી. સુખનો સંબંધ ધન, વૈભવ કે પદ પોઝીશન પર નહીં, પરંતુ આપણા વિચારો પર છે. જે વસ્તુ આપણી પાસે

નથી પરંતુ બીજા પાસે છે તેને ઉત્તમ માનીને આપણે તેને લેવા પ્રયત્ન કરીએ છીએ. અને જો ન મળે તો દુઃખી થઈએ છીએ. પરંતુ પરમાત્મા પાસેથી જે કંઈ પ્રાપ્ત થયું છે તેને પર્યાપ્ત સમજી સુખી રહેવું જોઈએ. જો વધારે મળે તો બોજ લાગે છે અને તેને છુપાવવું પડે છે. જેના લીધે ટેન્શન પણ રહે છે. સંતોષ જ સર્વોત્તમ સુખ ધન છે. કહેવાય પણ છે સંતોષ પરમ સુખમ.

આપણે હોવનહાર દેવી-દેવતાઓ છીએ. જે સુખ આપવામાં છે તે લેવામાં નથી. દેવતાઓના હાથ સદાએ દાતા રૂપે હોય છે, લેનાર તરીકે નહીં. સુખ લેવા કરતાં આપવામાં મોટું સુખ રહેલું છે. માટે જ ધનિકો દાન કરી સુખનો અનુભવ કરે છે. લેનારની મુઠ્ઠી કે ઝોળી ભરાઈ જાય પણ મન ખાલી રહે છે, જ્યારે આપનારની મુઠ્ઠી ખાલી થઈ જાય તો પણ મન ભરપૂર થઈ જાય છે.

આપણે 63 જન્મથી દુઃખ ભોગવતા આવ્યા છીએ. મીરાંનું એક ભજન છે,

'દર્દના માર્યા વન-વન ભટકું, વૈદ્ય મળ્યું ને કોઈ'
'મીરાંનું પ્રભુ દર્દ મટે જ્યારે, વૈદ્ય શામળિયો હોય'

બધા જ દર્દોનો વૈદ્ય બાબા વૈદ્યનાથ જ છે. એકમાત્ર ભગવાન જ બધા દર્દનું દુઃખ દૂર કરી શકે છે. દુઃખ દૂર કરવા કેટલાય જન્મો વ્રત, તપ, ઉપવાસ, જાગરણ, યાત્રા, જાત્રા, યજ્ઞ, હવન કર્યા પરંતુ બાબા વૈદ્યનાથ આપણને એક જ મંત્ર આપે છે મનમનાભવ. સુખી થવું હોય તો આ એક જ મંત્ર સદા યાદ રાખો. આપણે ગમે તે ઇચ્છીએ, પરંતુ ધાર્યું ધણીનું જ થાય છે. સુખ પણ શ્રીમતની મર્યાદામાં રહીને જ આપવાનું છે. મર્યાદા બહાર જઈને કોઈને સુખ આપવાનું નથી.

આપણે દુઃખહર્તા સુખકર્તા પિતાના બાળકો છીએ. કોઈ દુઃખનો કાંટો આપે તો જેવા સાથે તેવા થવું નહીં. સામેવાળી વ્યક્તિ પોતાના આસુરી સંસ્કારને વશીભૂત છે. આપણું કામ છે સુખદેવના બાળક બની સુખ આપવું અને લેવું તથા સદા સુખના સાગરમાં ડૂબેલા રહેવું. સુખોની દુનિયામાં જવાના હોવાથી સુખના સંસ્કાર અત્યારથી જ આપણે સ્વયંમાં ભરવાના છે. બસ, હવે દુઃખના થોડાક જ દિવસ બચ્યા છે, સુખની દુનિયા આવી કે આવી. શું આપણે તેના માટે તૈયાર છીએ?

હંમેશા યાદ રહે કે, મને કોણ મળ્યું છે?, હું કોનો છું?, મારુ કોણ? જો આ યાદ રહેશે તો દુઃખનો અનુભવ થશે નહીં. મારું કેટલું ઊંચું ભાગ્ય છે? જો પ્રાપ્તિઓનું લિસ્ટ સ્મૃતિમાં હશે તો દુઃખની અસર થશે નહીં. સુખધામમાં જવાનું છે, તે યાદ રાખો એટલે સુખધામને યાદ કરતા રહેવાથી દુઃખની લાગણી થશે નહીં. ચાલો સુખધામમાં જવાની તૈયારીઓ કરીએ. **॥ ઓમ શાંતિ ॥**

નવી કોલમની શરૂઆત

'વાચકોના પ્રતિભાવ'

દૈવી બી.કે. બહેનો, જ્ઞાનામૃતના સૌ વાચકો, ચાહકો અને સભ્યોને જણાવવાનું કે, જ્ઞાનામૃતમાં નવી કોલમ **'વાચકોના પ્રતિભાવો'** શરૂ કરી છે.

આપ સૌ વાચકો જ્ઞાનામૃતના જુદા જુદા અંકોમાં પ્રકાશિત થતા વિવિધ લેખો, લેખોની ગુણવત્તા, વિવિધતા, ભાષા કે અન્ય સામગ્રી, ફોટા, લખાણ, કવરપેજ, ડિઝાઈન કે અન્ય કોઈ નવીન બાબતો અંગે પણ આપના અમૂલ્ય પ્રતિભાવો, સૂચનો ગુજરાતી જ્ઞાનામૃતના

ઈ-મેલ gyanamrit.guj@gmail.com

અથવા **WhatsApp - 94267 08448**

ઉપર અવશ્ય મોકલશો. તે અમે સહર્ષ સ્વીકારીશું. પ્રતિભાવોને વાચકોના નામ, વિશિષ્ટ હોદ્દો હોય તો હોદ્દા સાથે, શહેર અથવા ગામના નામ સાથે આવનારા અંકોમાં સ્થાન આપીશું.

સુખ-શાંતિનો 'સુપ્રીમ મોલ' (Divine D-Mart)

બ્ર.કુ. અનંત,નડિયાદ

આજનો જમાનો સ્માર્ટ અને ફાસ્ટ બની ગયો છે. હવે કોઈને પણ અલગ-અલગ વસ્તુઓ માટે અલગ-અલગ દુકાનોના ધક્કા ખાવા ગમતા નથી. લોકો 'D-Mart' અથવા કોઈ મોટા મોલમાં જવાનું પસંદ કરે છે, કારણ કે ત્યાં એક જ છત નીચે ઘરવખરીથી લઈને કરિયાણું, કપડાં અને બધી જ વસ્તુઓ એકસાથે મળી રહે છે. સમય પણ બચે અને મહેનત પણ!

જો લૌકિક દુનિયામાં એક જ જગ્યાએ બધું મળતું હોય, તો અલૌકિક કે આધ્યાત્મિક દુનિયામાં કેમ નહીં? આપણા પરમપિતા શિવ પરમાત્મા પણ એક એવા જ 'સુપ્રીમ મોલ' કે 'Divine D-Mart' છે, જ્યાં આત્માને જોઈતી દરેક સુવિધા–શાંતિ, સુખ, પ્રેમ, પવિત્રતા, જ્ઞાન અને શક્તિ–બધું જ એક જ જગ્યાએ ઉપલબ્ધ છે.

દેવી-દેવતાઓના પિતા પરમાત્મા - એક જ સ્થાને બધું ઉપલબ્ધ!

આપણે સામાન્ય રીતે વિદ્યા માટે સરસ્વતી માતા પાસે, ધન માટે લક્ષ્મીજી પાસે અને શક્તિ મેળવવા માટે હનુમાનજીના મંદિરે ધક્કા ખાઈએ છીએ. પરંતુ, શિવ પરમાત્મા તો આ બધા જ દેવી-દેવતાઓના પણ પિતા (સુપ્રીમ ગોડ) છે. જ્યારે તમે સીધા તે સર્વોચ્ચ પિતા સાથે જોડાઈ જાઓ છો, ત્યારે બધી જ પ્રાપ્તિઓ એક જ જગ્યાએથી આપોઆપ થઈ જાય છે.

અહીં કોઈ પથ્થરના મંદિરની મુલાકાત લેવાની વાત નથી, પરંતુ પોતાના મનની અંદર જવાની વાત છે–એ જ સાચું મેડિટેશન (રાજયોગ) છે. સ્વયં સોમનાથ બાબા આ દૈવી મોલ ખોલીને બેઠા છે અને કહી રહ્યા છે કે, 'મને લૂંટી શકો એટલો લૂંટી લો, આ ખજાનો ક્યારેય ખૂટશે નહીં'

જૂનું આપો અને નવું મેળવો !

નાનપણની એક સુંદર યાદ તાજી કરીએ તો, શેરીઓમાં એક અનોખો ફેરીવાળો આવતો જે જૂની, ફાટેલી-તૂટેલી નોટો લઈને નવી કડકડાટ નોટો બદલામાં આપતો હતો! આપણો આ શિવબાબા પણ એવો જ દૈવી ફેરીવાળો છે. એ કહે છે કે તારા બધા અવગુણો, ચિંતાઓ અને વિકારો મને આપી દે અને બદલામાં દૈવી ગુણો અને સુખની નવી સજાવટ લઈ લે. એટલે જ તો આજે પણ લોકો શિવમંદિરમાં જઈને કડવા ધતુરાના ફૂલ, આકડાના પાન અને ઝેર જેવા અવગુણો પ્રભુ ચરણોમાં અર્પણ કરે છે અને બદલામાં આશીર્વાદનું અમૃત મેળવે છે. અને સૌથી મોટી વાત આ મોલમાં બધું જ એકદમ ફ્રી છે, બસ શરત એટલી કે તમારે સાચા દિલથી ત્યાં વિઝિટ કરવી પડે!

પરમ શિક્ષક અને હોમ ડિલિવરીની અનોખી વ્યવસ્થા

લૌકિક સ્કૂલ-કોલેજોમાં અલગ-અલગ વિષયો માટે અલગ-અલગ ટીચર્સ હોય છે, જે ફી પણ મોટી લે છે. પરંતુ પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલયમાં સ્વયં શિવબાબા 'પરમ શિક્ષક' બનીને આપણને જીવન જીવવાની સાચી કળા મફતમાં ભણાવે છે. આજે સમગ્ર વિશ્વના 142 દેશોમાં 14 લાખથી વધુ ભાઈ-બહેનો 'ગોડલી સ્ટુડન્ટ' (Godly Student) બનીને આ અભ્યાસ કરી રહ્યા છે.

જેમ આજના જમાનામાં ઓનલાઈન

(અનુસંધાન પેજ નં. 27 પર)

બાળસરિતા

શ્રાદ્ધ નિમિત્તે - જીવન સાતત્ય

બ્ર.કુ. અનુબેન, રાજુલા

બાળકો ભેગા થઇ ગયાં હતાં, મનમંદિરના ઓટલે બેસીને ચર્ચા કરતાં હતાં કે આજે અમારા ગુરુજી કઇ બોધકથા કહેશે? ત્યાંજ ગુરુજી આવી ગયાં... બાળકો કહેવા લાગ્યાં, ગુરુજી વાર્તા... વાર્તા.. ગુરુજીએ કહ્યું ચાલો આજે પ્રસંગને અનુરૂપ જ વાર્તા સાંભળીએ, સમજી તેનું મંથન કરીએ...

શ્રાદ્ધનાં દિવસો ચાલતા હતાં, વાત શરૂ કરી... એક વાર એક સુખી-સંપન્ન કુટુંબમાં તેમના પૂર્વજોનો શ્રાદ્ધ પ્રસંગ આવ્યો. બે-ત્રણ પૂર્વજોની એક જ તિથિ આવતી હતી. આજે ઘણા મહેમાનોને પણ ભોજન પ્રસંગમાં નિમંત્રણ હતું. શ્રાદ્ધમાં દૂધ-ખીર, ભજીયાં અને રોજિંદુ ભોજન તો હોય જ, ખરુંને? પણ અહીં એક પ્રશ્ન થયો. ત્યાં ઘણા સમયથી તે ઘરમાં એક પાલતું બિલાડી રહેતી, ઘરમાંથી જતી નહીં. ઘરમાં કોઇ ઉત્પાદ, કોઇ ધાંધલ ધમાલ, કોઇ ચીજ વસ્તુ બગાડવી અથવા ક્યાંય મોંઢુ નાંખવું એવી કોઈ આદત નહીં. તેને જે આપે જે જગ્યાએ આપે તે જગ્યાએ બેસીને ખાય. બાળકો અને વડીલોની પ્યારી આ બિલાડી હતી. બિલાડી ઘરમાં પોલીસની જેમ સૌનું ધ્યાન રાખે. અને તેનો બધાને ભરોસો પણ ઘણો હતો. પણ વાત એમ હતી કે, ઘરના સભ્યો સિવાય તે દિવસે બહારથી ઘણા બધા મહેમાનો શ્રાદ્ધનાં દિવસે ભોજનમાં આવનાર હતાં. ત્યાં બધા માટે તો દૂધ-ખીર બનાવી હતી. અને જો બિલાડી ત્યાં આંટા મારતી હોય તો, કોઇને ના ગમે, તે સ્વાભાવિક છે. બિલાડીને દૂધ ભાવે તો તે બગાડ્યા વગર ના રહે, તેવી કલ્પના તો હોય જ, પણ આ ઘરની પાળેલી બિલાડી એવું ના કરે. પણ તેનો ભરોસો બધા ના કરે. તો ઘરના સભ્યોએ વિચાર્યું કે, એક મોટા વાંસના ટોપલામાં બિલાડીને આપણે મહેમાનોની હાજરીમાં ઢાંકી દઇશું. અંદર ખાવા-પીવાની થોડી વસ્તુઓ રાખીશું. વાંસની ટોપલી છે એટલે હવા અને પ્રકાશ તો જશે. બિલાડીને સમજાવી દીધું તે પણ સમજી ગઈ અને ટોપલા નીચે સંતાઈ ગઈ. કાર્યક્રમના સમય પછી તેને મુક્ત કરી દેવાની જ હતી.

હવે ઘરમાં થોડા ન તો ઉંમરમાં યુવાન કે ન કોઈ એકદમ નાના બાળક તેવા સગીરોએ પણ આ દ્રશ્ય જોયું કે, બિલાડીની સાવધાની માટે આ બધી વ્યવસ્થા ઉભી કરી અને બિલાડીને ટોપલા નીચે પૂરી દીધી છે. તે દ્રશ્ય તેમણે ત્યારે જોયું હતું. હવે આ યુવાનો અને બાળકો મોટા થઈ ગયાં, જવાબદારીવાળા અને પરિવારવાળા બની ગયા. હવે તેમના ઘરે શ્રાદ્ધનો એક પ્રસંગ આવ્યો. તેમને પેલું ભૂતકાળનું દ્રશ્ય યાદ આવી ગયું કે, શ્રાદ્ધમાં બિલાડીને દૂધ, ખીર, પાણી બધું આપીને ટોપલામાં પૂરવી પડે. તેમના પૂર્વજો પાસે તો પાળેલ બિલાડી હતી, તે સમયે બધા જમી રહ્યા, પછી તેને ટોપલામાંથી મુક્ત કરી હતી. તે પછીની શું ક્રિયા કે વિધિ હતી તે કંઈ તેઓ કોઈ જાણતા ન હતાં. હવે આ બધાને વિચાર આવ્યો આપણા બાપા અને દાદા શ્રાદ્ધ સમયે બિલાડીને ટોપલામાં ઢાંકતાં. તો હવે આપણે પણ તેમ કરવું જ પડે. ત્યારે તેમની પાસે કોઈ પાલતૂ બિલાડી ન હતી. તેમને વિચાર આવ્યો બહારથી ફરતી એક બિલાડીને લાવીને ટોપલામાં ઢાંકી દો. બધાએ કહ્યું આ બરાબર છે. શ્રાદ્ધના સમયે મહેમાનો જમવા આવે તે પહેલાં

બિલાડીને ટોપલા નીચે ઢાંકી દીધી. પણ આ પાળતુ બિલાડી ન હતી. જેથી તેની સાર-સંભાળની વાત ભૂલાઈ ગઈ. પછી મહેમાનો જમી કરી પરવારી ગયાં. બધા ફ્રી થયાં પણ બિલાડીને બહાર કાઢવાની ક્રિયા થોડી યાદ હોય? જ્યારે ટોપલાની જરૂર પડી ત્યારે ટોપલો ઉપાડ્યો ત્યારે બિલાડી તો મરી ગઈ છે. બે-ત્રણ દિવસથી ન ખાવાનું, ન પીવાનું આપ્યું. હવે શું... છાનામાના જઈ બિલાડીને બહાર નાંખી આવ્યા... હવે આ વાત તેમના ઘરના અઘકચરા મનવાળા યુવાનો અને બાળકોને ખબર પડી. તેમણે વિચાર્યું કે, આવું તો કંઈ હોતું હશે? આવી કોઈ પ્રથા કે રીવાજ તો હોતા હશે? સમય ગયો વાત આગળ વધી. તેમના બાળકો પણ યુવાન-મોટા થયાં. હવે તો તેમના ઉપર (ત્રીજી પેઢીની) શ્રાદ્ધની જવાબદારી આવી. શ્રાદ્ધમાં પણ ખૂબ ધામધૂમથી અનેક મીઠાઈ, ખીર-પૂરી, ભજીયા, ઘીના લાડુ બનાવનાર આવી ગયા છે. ત્યારે એક યુવાનને યાદ આવ્યું જો આપણા ઘરમાં જુના જમાનાથી બિલાડીને ટોપલામાં રાખવાની પ્રથા પણ છે. પણ તે છેલ્લે મરી ગયેલી હોવી જોઈએ. વિચાર્યું કે આવું કેવી રીતે થશે? તો એક જણ કહે, અરે એમાં શું? હમણાં બિલાડીને જોરથી પછાડું એટલે બિલાડી ઘાયલ. પછી તને ટોપલામાં મૂકી દો. આપણું શ્રાદ્ધ પૂરું થાય, મહેમાનો જમી લે, ત્યાં સુધીમાં તો બિલાડી પતી જવાની ને! આપણી શ્રાદ્ધની વિધિ પણ પૂર્વજો જેમ બરોબર થઈ જશે. બધા કહે બરાબર... બરાબર.. પછી તેવું જ કર્યું. પણ બિલાડી તો તરત મરી ગઈ. મરેલી બિલાડી ઢાંકીને બધા મહેમાનો ભોજન પરવારી ગયાં. શ્રાદ્ધ પ્રસંગ બરાબર સંપન્ન થયો. ત્યારે જ એક વડીલ માણસ, ઘણી ઉંમરવાળો પણ ખડતલ, તંદુરસ્ત પણ તે ભોજનમાં સામિલ હતો. તે વારંવાર બોલતા કે કંઈક વાસ આવે છે, દુર્ગંધ આવે છે, કંઈક ખરાબ ગંધાય છે, પણ બધા મસ્તીમાં હોય એટલે કોઈએ કાંઈજ સાંભળ્યુ નહીં. તે વૃદ્ધ માણસ ચતુર હતો. તેણે વિચાર્યું આ યુવાનો કાંઈ સાંભળશે નહીં. પણ હું જ પોતે તપાસ કરું.. આમ તપાસ કરતાં-કરતાં દુર્ગંધની દિશામાં તપાસ કરી. જોયું અરે આમાં તો મરેલી બિલાડી ટોપલા નીચે છે. તેને દૂર કરો. અહીંથી ખરાબ વાસ આવી રહી છે. પેલા યુવાનો તો શરમાયા, પણ તેઓએ વડીલને જણાવ્યું આતો અમારા ઘરની એક પરંપરા છે, પ્રથા છે. કે મરેલી બિલાડીની હાજરીમાં શ્રાદ્ધ પ્રસંગ થાય. તો પૂર્વજો ભોજન પામીને ખુશ થાય, પ્રસન્ન થાય, મુક્ત થાય...

વડીલ વ્યક્તિએ બધાને બોલાવ્યા, શાંતિથી સમજાવ્યું કે મને યાદ છે તમારા ઘરમાં તમારા વડીલોને ત્યાં બિલાડી પાળેલી રહેતી હતી જે ખૂબ સમજદાર હતી. પણ તેને સાચવવાની ક્રિયા માટે તેને ટોપલામાં બંધ કરવાની એક માત્ર યોજના હતી. પણ સમય જતા તમે ન સમજી શક્યા અને ધીરે-ધીરે બિલાડીને સાચવવાની ક્રિયાને બદલે, તમે બહારની બિલાડીને લાવ્યા પછી મૃત બિલાડીને લાવીને અવસર સાચવવાનું કામ કર્યું. હવે યુવાનોને પોતાની ભૂલ સમજાઈ ગઈ કે આતો ઘોર ભૂલ થઈ ગઈ. હવે બધાને આ ક્રિયાઓ સમજાવીશું તો જ અમારી ભૂલ સુધરશે. પછી બધા મળીને ગામના મંદિરમાં સમજાવવા લાગ્યા કે શ્રાદ્ધ પ્રસંગ એ શું છે?

બોધ - શ્રાદ્ધ એટલે પૂર્વજોમાં શ્રદ્ધા અને ભાવના કે તેમની મૃત્યુ તિથિમાં પણ બધા સગા સંબંધી ભેગા મળીને ભોજન કરે. ભૂખ્યાને ખવડાવે, સાધુને દાન આપે, મંદિરમાં ભોગ લગાવે, અને ઋતુ પ્રમાણે ભોજન બનાવે. કારણ

(અનુસંધાન પેજ નં. 25 પર)

સાહસ અને સહનશીલતાની મૂર્તિ

રાજયોગિની કિશનીદાદીજી

બ્ર.કુ. હેમંતભાઈ, શાંતિવન, આબુ રોડ



ગિરધર ગોપાલના પ્રેમમાં રંગાયેલી મીરાંએ લોકલાજ છોડી, પવિત્રતા ખાતર ઝેરનો પ્યાલો પણ પીધો અને સદા માટે અજરામર થઈ ગઈ. ભક્ત શિરોમણી મીરાં સમાન એક એવી જ - લોકલાજ ત્યજીને, સાંસારિક મોહમાયાના કડક બંધનોમાંથી મુક્ત થઈ, દ્રઢતાથી પવિત્રતાનું વ્રત ધારણ કરનારી, પ્રભુ પ્રિયતમના પ્રેમની દીવાની, બાંધેલી ગોપિકા હતી, 'રાજયોગિની કિશની દાદીજી' દાદીજીએ ઈશ્વરીય પથ પર કદમ મૂકતાં જ, દુનિયાના વિરોધનો મક્કમતાથી સામનો કર્યો અને એક જ ઝાટકે વિકારી સંબંધોના બંધનોને કાપીને કિશની દાદીજીએ શિવપિતા પર સર્વસ્વ કુરબાન કરી દીધું. વિષમ પરિસ્થિતિઓમાં પણ અચલ અડોલ રહેનારા, નિડર - નિશ્ચયબુદ્ધિ, મહાવીરણી - શિવશક્તિ 'રાજયોગિની કિશની દાદીજી' તો સાક્ષાત સાહસ અને સહનશીલતાની ચૈતન્ય મૂર્તિ હતા.

દાદીજીનો લૌકિક જન્મ સિંધ હૈદરાબાદમાં ભક્તિભાવ ભરેલા ધાર્મિક પરિવારમાં થયો હતો. પિતા 'ગોપાલદાસ હાથીરામાની' અને માતા શ્રીમતી 'હકી'એ દાદીજીને નામ આપ્યું, 'કિશની' શિવપિતાએ તેમને અવ્યક્ત નામ આપ્યું 'નિર્મલમણી' કિશની દાદીજી લૌકિકમાં પ્રકાશમણિ દાદીજીના મોટા બહેન હતા. લૌકિક ઘરમાં દાદીજીને બાળપણથી જ ગીતા, સુખમણી, જપસાહેબ ભણાવવામાં આવતા હતા. દાદીજીના જ્યોતિષી પિતા ઉચ્ચ વિચારોવાળા હતા, તેમનો બાળકો પ્રત્યે એ જ શુભવિચાર રહેતો કે જો બાળકોમાં ભક્તિના સંસ્કાર હશે તો ભગવાન પ્રત્યે પણ બાળકોની ભાવના જળવાઈ રહેશે, જેનાથી બાળકોનું ભવિષ્ય ઉજ્જવળ બનશે. આ રીતે ઘરમાં વાતાવરણ ભક્તિભાવથી ભરેલું હતું. માતા-પિતા નિયમોના ખૂબ પાક્કા હતા, તેથી દાદીજીએ સવારે ઊઠીને સ્નાન આદિ કરીને પહેલાં પૂજા કરવી પડતી હતી, ત્યાર પછી જ તેમને નાસ્તો વગેરે મળતો હતો. દાદીજી શાળાએ જતાં પહેલાં એક પૌઢી (પાઠ) વાંચતા હતા પછી ભગવાનને નમસ્કાર કરતા હતા. જ્યારે પણ ક્યાંય સત્સંગ થતો તો પિતાજી દાદીજીને સાથે લઈ જતા હતા. દાદીજીના લગ્ન 'મંગારામજી' સાથે થયા, મંગારામજી વિદેશમાં વેપાર કરતા હતા. દાદીજીના જેઠ તેમને પોતાની દીકરીની જેમ જોતા હતા અને કહેતા કે તેમના ઘરે લક્ષ્મી આવી છે, દેવી આવી છે. દાદીજી હૈદરાબાદમાં જ સંયુક્ત પરિવારમાં રહેતા હતા.

દાદીજી સ્વયં જ્ઞાનમાર્ગમાં પદાર્પણની વાત તથા સમર્પણતાના સંઘર્ષની ગાથા આ રીતે સંભળાવે છે, 'જ્યારે હું પહેલીવાર ઓમમંડળીમાં ગઈ, તો ત્યાં ઓમની ધ્વનિ થઈ રહી હતી. ઓમની ધ્વનિ સાંભળતાં-સાંભળતાં બધા ટ્રાન્સમાં જતા રહ્યા અને ધ્યાનમાં શ્રીકૃષ્ણને જોવા લાગ્યા, એ બધાને જોતાં-જોતાં મારી આંખો પણ બંધ થઈ ગઈ. મેં પણ સામે બાબાને જોયા અને તેમનામાં શ્રીકૃષ્ણને જોયા. જ્યારે આ વાત ઘરમાં ખબર પડી તો સંબંધીઓ મારા પર ખૂબ નારાજ થયા, તેથી મેં

મારો અનુભવ કોઈને ના સંભળાવ્યો. હું ક્યારેક બાબાને હીંચકે હીંચકતા શ્રીકૃષ્ણના રૂપમાં જોતી તો ક્યારેક બાબાના મસ્તક પર જ્યોતિને જોતી. સાસરીવાળાઓને મારું ઓમમંડળીમાં જવું જરાય પસંદ ન હતું. છતાં પણ હું ક્યારેક કોઈ બહાનું કરીને, ક્યારેક કોઈ યુક્તિ રચીને સત્સંગમાં જતી રહેતી હતી. બ્રહ્માબાબા જાણતા હતા કે આ માતા છે, તેને બંધન છે એટલે મને ખૂબ પ્રેમ આપતા હતા.

મારી બે લૌકિક બહેનો પણ ઓમમંડળીમાં જતી હતી. મારા માટે તો સાસરીમાં કચકચ ચાલતી હતી, છતાં પણ હું છાનીમાની જેમતેમ કરીને બાબા પાસે જઈને મુરલી સાંભળીને આવતી હતી. પરંતુ આ ક્યાં સુધી ચાલે, એક દિવસ તો ખબર પડવાની જ હતી. એ સમયે મારા પતિ પણ સિંગાપુરથી પાછા આવ્યા હતા. પતિએ મારી પાસે કામ વિકારની માંગણી કરી, પરંતુ મેં ના પાડી દીધી. ગુસ્સામાં આવીને પતિએ મને મારી અને કહેવા લાગ્યા કે પતિ તો પરમેશ્વર હોય છે, તેથી પતિની વાત માનવી જોઈએ, પરંતુ હું પવિત્રતાના વ્રત પર દ્રઢ હતી, તેથી મેં કહ્યું કે પરમેશ્વર તો ક્યારેય વિકારમાં જતા નથી. આ સાંભળીને પતિનો ક્રોધ વધુ વધી ગયો તથા તેમણે આખા ઘરમાં હંગામો મચાવી દીધો. સંબંધીઓ પણ પતિના પક્ષમાં થઈ ગયા અને બધાએ નક્કી કર્યું કે જો આ આપણી વાત નથી માનતી તો એને ઘરમાંથી કાઢી મૂકવામાં આવે.

આ વાત આટલેથી જ સીમિત ના રહી, અમારો ઝઘડો ગવર્નમેન્ટ (સરકાર) સુધી પહોંચ્યો. મારા જેઠ જજ હતા. તેમણે જઈને કલેક્ટરને કહ્યું કે દાદા લેખરાજને બોલાવો, દાદાએ આ નવું જ્ઞાન આપીને આખા શહેરમાં હંગામો મચાવી રાખ્યો છે. કલેક્ટરે દાદા લેખરાજ (બ્રહ્માબાબા)ને પોતાના ઘરે બોલાવ્યા. સાથે દાદી પ્રકાશમણિ (મારી લૌકિક બહેન) પણ ગયા. મારા જેઠે બાબાને પૂછ્યું કે 'તમે આ કેવી શિક્ષા આપી રહ્યા છો? મારો ભાઈ વર્ષો પછી વિદેશથી આવ્યો છે અને તમે આ બ્રહ્મચર્યનો શું નવો ઝઘડો ઊભો કરી દીધો છે?' તેઓ ઘણું આડુંઅવળું બોલ્યા. તો દાદી પ્રકાશમણિએ કલેક્ટરને કહ્યું, 'કલેક્ટર સાહેબ, તમે અમારા બાબાને ગાળો સંભળાવવા માટે બોલાવ્યા છે શું? અમે જઈ રહ્યા છીએ.' એ દ્રશ્ય એવું હતું જાણે શિશુપાલ, શ્રીકૃષ્ણને 101 ગાળો આપી રહ્યો હોય. બાબાએ કહ્યું, હું તો ગીતા જ્ઞાન આપું છું. ગીતામાં કહેવાયું છે, 'કામ મહાશત્રુ છે. આ જ્ઞાન સંભળાવવા માટે હું કોઈના ઘરે નથી જતો અને ના તો કોઈને બોલાવું છું. જે મારી પાસે આવે છે તેમને જ હું સંભળાવું છું.' પછી દાદી બાબાને ત્યાંથી પાછા લઈ ગયા પરંતુ અમારા ઝઘડાનો અંત ના આવ્યો. તેમણે મારા પર વધુ ને વધુ બંધનો નાંખવાના શરૂ કરી દીધા, તેમણે મારી સાથે ખૂબ મારપીટ પણ કરી પરંતુ હું અડગ હતી. મારો નિશ્ચય અટૂટ હતો. પતિએ એક દિવસ મને ખૂબ મારી તો હું ભાગીને માના ઘરે જતી રહી અને પછી ક્યારેય પાછી ના ગઈ.

ભારતના વિભાજન પછી કિશનીદાદીજી મમ્મા-બાબા સાથે આબુ આવ્યા. બાબાએ દાદીજીને મુંબઈ સેવા અર્થે મોકલ્યા. ત્યાં ઘણી કઠિન પરીક્ષાઓ આવી પરંતુ દાદીજી એવું અનુભવ કરતા હતા જાણે બાબાનો હાથ તેમના મસ્તક પર છે અને બાબા સદાય સાથે છે. ક્યારેક-ક્યારેક દાદીજી બાબાને સાકારમાં સન્મુખ જોતા. આનાથી પરીક્ષાઓને સહજતાથી પાર કરી લેતા હતા. આ પછી, સેવા અર્થે દાદીજીને લખનૌ મોકલ્યા, ત્યાં સેન્ટર ખોલ્યું. આ પછી મૈસૂરમાં એક માસ રહ્યા. અમૃતસર, લુધિયાણા, દિલ્હી,

હાપુડ વગેરે સ્થાનો પર બાબાએ દાદીજીને સેવા અર્થ મોકલ્યા. જ્યાં કોઈ નહોતું જતું ત્યાં બાબા દાદીને જ મોકલતા હતા. એકવાર દાદીએ બાબાને પૂછ્યું, 'બાબા, જ્યાં કોઈ રહેવા નથી માંગતું ત્યાં સેવામાં મને જ કેમ મોકલો છો?' બાબાએ કહ્યું, 'દિકરી, તારાથી જ આ સેવા થવાની છે કારણ કે તું બાબાને ખૂબ યાદ કરે છે ને! તારી સફળતા પાક્કી જ છે.' જ્યારે બાબા દાદીને એક જગ્યાએથી બીજી જગ્યાએ મોકલતા હતા તો ત્યાંના સ્ટૂડન્ટ્સ બાબાને કહેતા હતા, 'બાબા, કિશનીદાદી જ અમને જોઈએ, તેમને અમારે ત્યાં મોકલો.' દાદીજીને ખુશી થતી અને તેઓ બાબાને થેંક્સ આપતા હતા કારણ કે દાદીજીને આવા લાયક બાબાએ જ બનાવ્યા હતા. દાદીજી લૌકિક રીતે વધારે ભણેલા-ગણેલા ન હતા, છતાં પણ બાબાએ કળાઓ ભરીને તેમને યોગ્ય બનાવ્યા. મમ્માએ પણ દરેક વાત ખૂબ જ પ્રેમથી શીખવી અને સમજાવી. દાદીએ મમ્માની શિક્ષાઓ પર ચાલીને પોતાના જીવનને ઈશ્વરીય સેવામાં સફળ કર્યું. જ્યારે પટનામાં સેન્ટર ખુલ્યું તો બાબાએ કહ્યું, 'દિકરી, તારે પટના સેવામાં જવાનું છે કારણ કે ત્યાં કન્યાઓને નથી મોકલવી.' દાદીજીએ પટના આવીને સેવા કરી. અહીં ઘણા ભાઈ-બહેનો જ્ઞાનમાં આવ્યા. ક્લાસમાં આવનારાઓમાં માતાઓ વધારે હતી, તેમને રોજ અલગથી ક્લાસ કરાવતા હતા.

પટનાના બ્રહ્માકુમાર રવિન્દ્રભાઈ કિશની દાદીજીની વિશેષતાઓ સંભળાવે છે, 'પટના સેન્ટરમાં બે દાદીઓ હતા - કિશની દાદીજી અને કુંજદાદીજી. બંનેએ બ્રહ્માવત્સોની પાલના કરી, કિશનીદાદીએ માની જેમ પાલના આપી તો કુંજદાદીએ પિતા જેવી પાલના આપી. ક્યારેક વિશેષ વાનગી બનતી અને કોઈ ના હોય તો કિશનીદાદી એ વસ્તુ ડબ્બીમાં કાઢીને રાખતા, દાદીજી કહેતા, 'તે દિવસે તમે નહોતા, આ તમારા માટે કાઢીને રાખ્યું છે.' કિશનીદાદી યજ્ઞની એક-એક વસ્તુની ખૂબ કદર કરતા. ક્યારેય પણ કંઈ વેસ્ટ નહોતા જવા દેતા. જેમ કે પાલકને કોઈ કેવી રીતે, કોઈ કેવી રીતે કાપે, તો દાદીજી શીખવતા કે પાલક કેવી રીતે કાપવી, કોઈ વસ્તુને બરબાદ થવા દેતા નહોતા. જ્યાં માતાઓ હોય છે ત્યાં ભરપૂર હોય છે, તો કિશનીદાદી પણ માતા હતા, તેઓ જ્યાં પણ સેવા અર્થે જતા, ત્યાં બધું ભરપૂર કરી દેતા. કિશનીદાદી મનમોહિનીદીદી સમાન જ લવ (પ્રેમ) અને લો (કાયદા)માં બેલેન્સ રાખતા હતા. નિયમ પાલનમાં કોઈ બાંધછોડ નહોતા કરતા. બીજા સેન્ટર પર રજા કે ચિઠ્ઠી વગર કોઈ જતું તો કહેતા, 'ત્યાં પૂછ્યા વગર કેમ ગયા?' એક ભાઈ હતા, જે ભોગ સ્વીકારતા હતા પરંતુ નોકરી કરતા હોવા છતાં, યજ્ઞ સેવા નહોતા કરતા. એક દિવસ દાદીજી દરવાજે બેઠા હતા, દાદીજીએ એ ભાઈને પૂછ્યું, 'તમે ભોગ લગાવો છો?' ભાઈ ચૂપ રહ્યા. દાદીજીએ પ્રેમથી તેમને સમજાવ્યા, 'તમે જે ભોગ સ્વીકારો છો, તેનો બોજ કોના પર ચઢશે? તમારા પર જ ચડશે ને?' દાદીજીએ હસતાં હસતાં કહ્યું, 'આજથી તમારો ભોગ બંધ.' દાદી અમારી ખૂબ પરીક્ષા લેતા હતા, ક્યારેક નવા કપડાં પહેરીને જતા, તેનાથી દેહાભિમાન તો આવી જ જાય છે. ત્યારે દાદી અમને કોઈ એવી સેવા બતાવતા જેનાથી દેહાભિમાન તૂટે, દાદીજી પરીક્ષા લેતાં કહેતા, 'હવે ઝાડુ લગાવો.'

કિશનીદાદીને એક લૌકિક પુત્રી હતા, મોહિનીદીદી, જે કોલાબા મુંબઈ સેવાકેન્દ્રમાં સેવાઓ આપતા રહ્યા. પરંતુ બંનેમાં કોઈ મોહ કે મા-દીકરીના સંબંધની અનુભૂતિ નહોતી થતી.

(અનુસંધાન પેજ નં. 32 પર)

પરમાત્મા સાથેનો સંબંધ જીવનની સૌથી સુંદર અનુભૂતિ

બ્ર.કુ. નીલમબેન પારેખ, ઈસનપુર

મનુષ્યના જીવનમાં અનેક સંબંધો હોય છે. માતા-પિતા, ભાઈ-બહેન, મિત્રો, જીવનસાથી અને સમાજ સાથેના અન્ય સંબંધો આપણને જીવનમાં સાથ અને સહારો આપે છે. પરંતુ આ બધા સંબંધોની વચ્ચે એક એવો સંબંધ છે જે સૌથી નિસ્વાર્થ, પવિત્ર અને અવિનાશી છે, તે છે પરમાત્મા સાથેનો દિવ્ય સંબંધ.

પરમાત્મા સાથે સંબંધ કોઈ બાહ્ય સંબંધ નથી. તે આત્મા અને પરમાત્મા વચ્ચેનો આંતરિક અલૌકિક સંબંધ છે. જેને અનુભવવા માટે શબ્દોની જરૂર નથી. જ્યારે મનુષ્ય પોતાને હું એક આત્મા છું અને પરમાત્મા મારા પિતા તેમ સમજે છે, ત્યારે જીવનમાં એક નવી શક્તિના સંચાર સાથે અંત:કરણમાં શાંતિ અનુભવે છે.

ઘણી વખત જીવનની પરિસ્થિતિઓમાં આપણે એટલા અટવાઈ જઈએ છીએ કે પોતાના સાચા સ્વરૂપને ભૂલી જઈએ છીએ. લોકો શું કહે છે? મારી સાથે શું થયું? આવતીકાલે શું થશે? મને શું મળશે? આવા અનેક વિચારો મનને ઘેરી લે છે. પરિણામે મન અશાંત રહે છે. પરંતુ જ્યારે મનનો સંબંધ પરમાત્મા સાથે જોડાય છે, ત્યારે વિચારોની દિશા બદલાય છે.

પરમાત્મા એટલે સર્વ આત્માઓના પરમપિતા જે શાંતિ, પ્રેમ, પવિત્રતા અને શક્તિના અદભુત સાગર છે. જ્યારે આપણે તેમની સાથે સાચા હૃદયથી સંબંધ જોડીએ છીએ, ત્યારે આપણને અંદરથી અનુભવ થાય છે કે આપણે એકલા નથી. જીવનમાં ગમે તેવી પરિસ્થિતિ આવે, કોઈ આપણને સમજતું ન હોય ત્યારે પણ એક એવી અદ્‌ભુત પરમાત્મ શક્તિ છે, જે આપણને સાંભળે છે, સમજે છે, આંતરિક હિંમત આપે છે.

પરમાત્માને માત્ર દુ:ખમાં યાદ કરવાનો સંબંધ ન હોવો જોઈએ. ઘણી વખત માણસ મુશ્કેલી આવે ત્યારે ભગવાનને યાદ કરે છે. પરિસ્થિતિ સારી થઈ જાય પછી તેમને ભૂલી જાય છે. સાચો સંબંધ એવો હોવો જોઈએ કે, સુખમાં પણ પરમાત્માની યાદ રહે અને દુ:ખમાં પણ તેમની પરનો વિશ્વાસ અડગ રહે.

જેમ બાળક પોતાના પિતાને દરેક વાત સરળતાથી કહી શકે છે, તેમ આપણે પણ પરમાત્મા સાથે દરેક મનની વાત કરી શકીએ છીએ. જ્યારે હૃદયનો ભાર પરમાત્માને સોંપીએ ત્યારે સમસ્યા કદાચ તરત દૂર ન થાય પરંતુ તેનો સામનો કરવાની શક્તિ ચોક્કસ મળી જાય છે.

પરમાત્મા સાથેનો સંબંધ આપણને આપણી આત્મા સાથે જોડે છે. કારણ કે ત્યારે આપણને યાદ આવે છે કે, હું આત્મા છું. અને આપણે શરીર, નામ, પદ, પૈસા અને બાહ્ય ઓળખથી ઉપર ઉઠી, પોતાના સત્યરૂપને ઓળખવા લાગીએ છીએ. આત્માની મૂળ સ્થિતિ શાંતિ, પ્રેમ, પવિત્રતા અને શક્તિ છે. પરમાત્મા સાથેનો સંબંધ ગાઢ બને છે, ત્યારે બીજાના વર્તનથી આપણું મન હલચલમાં ઓછું આવે છે. પરિસ્થિતિ મનને કંઈક શીખવવા માટે આવી છે. કોઈ દુ:ખ આપે તો બદલો લેવાની જગ્યાએ ક્ષમા કરવાની શક્તિ આવે છે. કારણ કે પરમાત્માની યાદ આપણને આ પ્રકારની પરીક્ષાઓથી ઉપર ઉઠવાનું શીખવે છે. પરમાત્મા સાથેનો સંબંધ જીવનમાં જવાબદારીઓ દૂર કરતો નથી. પરંતુ જવાબદારીઓ નિભાવવાની શક્તિ આપે છે. આજના સમયમાં મનુષ્ય પાસે સુવિધાઓ

(અનુસંધાન પેજ નં. 25 પર)

યુવા સૌરભ

યુવા ચાલો, શિવપિતાની આશાઓના દીપક બનીએ

બ્ર.કુ. મુકેશભાઈ જોષી, ભાવનગર

વિશ્વમાં સૌથી વધુ યુવાનોની સંખ્યા ધરાવતો દેશ ભારત છે. બ્રહ્માકુમારીઝ સંસ્થાની સ્થાપનાને 90 વર્ષ પૂર્ણ થતા 'નવદશકોત્સવ' નિમિત્તે શિવપરમાત્માની આશાઓના દીપક યુવાનો સંપન્ન-સંપૂર્ણ બને અને બનાવે ત્યારે ભારત પુનઃ વિશ્વ ગુરુ અવશ્ય બનશે. તેથી જ હે યુવા ચાલો... દીપક બની સર્વની આશાઓને અવશ્ય પૂર્ણ કરવા સંકલ્પ બધ્ધ થઈએ.

'જબ તક ન હો સફ્ળ, નિંદ ચેન કી ત્યાગો,
તુમ સંઘર્ષો કા મેદાન, છોડ મત ભાગો,
કુછ કીએ બિના ચૂંહી, જય જયકાર નહીં હોતી,
કોશીશ કરને વાલો કી કભી હાર નહિ હોતી'

વર્તમાન 21મી સદીનો સમય યુવા પેઢીના હાથમાં છે ત્યારે, ગ્રોથ એન્જિન કે સફળતાના સુકાની સમા યુવાઓ જ શિવપિતાના સ્વર્ણિમ ભારતના સંકલ્પને સાકાર કરવાના વિકાસને અગ્રીમ સ્થાને અવશ્ય પહોંચાડશે. ભારતની પાવન ભૂમિ પર અવતરીત પરમપિતા પરમાત્મા શિવ આપણને સૌને પારલોકિક પિતાના રૂપમાં મળ્યા છે ત્યારે, પરમાત્માના સંકલ્પોને આપણે અવશ્ય સાકાર કરીએ.

જીવનની સર્વશ્રેષ્ઠ અવસ્થા યુવા અવસ્થા છે. યુવા જીવનની યાદગાર ભક્તિમાં ગોવાળોના સંગ શ્રીકૃષ્ણ, મહાવીર હનુમાન, ભક્ત પ્રહલાદ, વિઘ્નવિનાશક ગણેશ, ભીષ્મ પિતામહ અને સંપૂર્ણ સતોપ્રધાન સનતકુમાર સહદેવ બાળ સ્વરૂપે જોવા મળે છે.

શિવપિતા અને પિતાશ્રી બ્રહ્માબાબાએ યુવાશક્તિ માટે કરેલ કાર્ય અદભુત અને અનન્ય છે. જયારે સમાજ, રાષ્ટ્ર અને વિશ્વના લોકો યુવા શક્તિને અનુભવ શૂન્ય અને બિન અનુભવી સમજતા હતા, જયારે યુવકોની અંદર રહેલી પ્રચંડ સુક્ષ્મ શક્તિ વિનાશ માર્ગે તોડફોડ, હડતાલ, અશાંતિમાં વપરાતી જોઈ ત્યારે, સમાજના સમજદાર લોકોએ યુવા શક્તિને રચનાત્મક સમાજ નિર્માણના કાર્યમાં લગાવવી પડી હતી.

જયારે રાજસ્વ અશ્વમેઘ અવિનાશી રુદ્ર ગીતા જ્ઞાન યજ્ઞના પ્રારંભમાં, અખંડ ભારતના સિંધ હૈદરાબાદથી ભારતની વસુંધરા પર સૌપ્રથમ ગુજરાતની દ્વારિકા નગરી પાસે ઓખા બંદર ખાતે ટ્રેનમાંથી અંદાજે 300થી પણ વધુ યુવા ભાઈ-બહેનો પ્રભુરત્નોએ પ્રથમ ચરણો પાડ્યા. તે તસવીર જોતા પ્રતીતિ થાય છે કે, આ મહાન આત્માઓ જયારે યુવાકાળમાં હતા ત્યારે તેમનામાં જે વિશેષ ઉમંગ-ઉત્સાહ હતો, તેને જાગૃત કરી, લક્ષ્ય આપી, સત્ય માર્ગ પર અગ્રેસર કર્યા.

શિવ પરમાત્મા હંમેશા કહે છે સંપૂર્ણ નિર્વિકારી યુવાજીવનમાં જ્ઞાનને સમજી અપનાવવું સરળ છે, કારણ યુવા અવસ્થામાં બુદ્ધિ શાલીન હોય છે. જયારે ગ્રહસ્થની ઝંઝાળથી આત્મા મુક્ત હોય ત્યારે જ્ઞાન મુરલી દ્વારા જીવનને શ્રેષ્ઠ બનાવી શ્રુગારિત કરી શકાય છે. યુવા જીવનમાં સખત મહેનત થઈ શકે, દેશની રક્ષા કાજે સરહદો પર યુવાનોની ભરતી કરવામાં આવે છે. યુવાનો સ્વયંને આત્મનિશ્ચય કરી પરમાત્મા સાથે એકાગ્રતાથી સર્વ સંબંધ જોડે તો સાચા યોગી બની વિશ્વ કલ્યાણકારી બની શકે છે.

કુમાર-કુમારી જીવન સર્વશ્રેષ્ઠ જીવન છે. તેની મહિમા શાસ્ત્રોમાં પણ છે, જે તમે જાણતા જ હશો કે 100 બ્રહ્માવત્સોથી ઉત્તમ એક કુમારી છે. સાત કુમારીઓથી ઉત્તમ એક કુમાર છે. એટલે કે 700 બ્રહ્માવત્સોની બરાબર એક કુમાર છે. આ મહિમાને ચરિતાર્થ કરવા, યથાર્થ કરવા, હે યુવાનો જાગો, ઉઠો અને જ્યાં સુધી સંપન્નતા, સંપૂર્ણતાનું લક્ષ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તીવ્ર પુરુષાર્થમાં અગ્રેસર રહો.

યુવા ભારતના ઉત્થાન માટે વિશ્વ પરિવર્તનની મશાલ બને. પવિત્રતાના બળથી ભારતની સંસ્કૃતિની ઓળખ આપે. તે માટે સાદું જીવન ઉચ્ચ વિચાર, પવિત્રતા સંપન્ન જીવન, દિવ્ય ગુણોથી સંપન્ન જીવન બનાવીએ. સાદગી માત્ર વસ્ત્રોની નહીં, પણ દરેક કાર્ય વ્યવહારમાં નિરહંકારી, નિરવિકારી સ્થિતિ બનાવી રાજયોગી બ્ર.કુ. જગદિશભાઈ હસીજાને આદર્શ (રોલ મોડલ) બનાવી ઉદાહરણમૂર્ત અને પ્રેરણારૂપ બનીએ.

યુવાવસ્થામાં વ્યર્થને તિલાંજલિ આપીએ સેટેલાઈટની સિદ્ધિ અને કોમ્પ્યુટરની કરામત થઈ રહી છે ત્યારે ઈન્ટરનેટ, ફેસબુક, ઈંસ્ટાગ્રામ, મોબાઈલ અને Gen Z અને Gen Alphaનો અનાવશ્યક સમય વ્યતીત ન થઈ જાય અને ઈન્ફોર્મેશન ટેકનોલોજીની ઘાતક અસરોથી પણ વાકેફ રહીએ. આજે યુવાપેઢી ઈન્ટરનેટની ભૌતિક સુખ-સગવડો પાછળ ગાંડીતુર બની ત્યારે ડીજીટલ ડીટોક્ષિનેશન પણ આવશ્યક છે.

કોઈને ઈશ્વરીય જ્ઞાનની સમજ મળે, સમજે, વિચારે, જીવનમાં ઉતારવાનો પુરુષાર્થ કરે એટલે સતયુગી દૈવી સંસ્કારોની જાગૃતિ થાય ત્યારે લોટરી મળે છે. પરંતુ કુમાર-કુમારીઓને સ્વયં શિવપિતાએ પસંદ કરી સરળ માર્ગ દર્શાવેલ છે. જે લોકો અજાણતા ઊંધી સીડી ચડ્યા છે, તેને પાછું સીડી ઉતરવી પડે. જ્યારે કુમાર-કુમારી જીવન બંધનમુક્ત બની અતીન્દ્રિય સુખના ઝુલામા ઝૂલે છે. યુવા કાળમાં એકલતાના સમયે પણ ગમે તે પરિસ્થિતિમાં નિડર, હિંમતવાન ઉંચી સ્મૃતિ રાખીએ કે, 'હું માસ્ટર સર્વ શક્તિમાન છું.' જીવનના લક્ષથી ક્યારેય પણ દૂર ના થવું એ જીવનની સાચી સફળતા છે.

યૌવનમાં અધ્યાત્મ જાણીએ, માનીએ, સ્વરૂપમાં લાવી તેનો અનુભવ કેળવીએ અન્યને અનુભવી બનાવીએ. યુવાજીવનના આચરણમાં યોગબળ વધારીએ. વિચાર, વાણી, વર્તનમાં સદા એકરસ, સમાનતા સાથે પહેલા આપનો મંત્ર સદા પાકો રાખીએ. વર્તમાન સમય પુરુષાર્થનો આધાર કલ્પની સાથે જોડાયેલ છે. એટલે વ્યર્થ ચિંતન, પરચિંતનથી દૂર રહી ડ્રામાના સીનને સાક્ષીદ્રષ્ટા ભાવે જોઈએ. તીવ્ર પુરુષાર્થ કરી જ્વાલા સ્વરૂપ યોગ વડે સંપૂર્ણ નિર્વિઘ્ન સ્થિતિ પ્રાપ્ત કરીએ. શિવપિતા 21 જન્મોની રાજાઈ આપે છે, તે પ્રાપ્તિને સદા નજર સામે રાખી અધ્યાત્મના માર્ગમાં શિવબાબાની મદદથી સંપન્ન અને સંપૂર્ણ બનીએ.

કલ કરે સો આજ કર, આજ કરે સો અબ,
પલ મે પ્રલય હોયેગી, બહુંદુરી કરેગા કબ.

॥ ઓમ શાંતિ ॥

નમ્ર નિવેદન

જ્ઞાનામૃતના સંપાદનનું કાર્ય એડવાન્સમાં થતું હોવાથી, સર્વ લેખકો, કૃતિઓ મોકલનારને નમ્ર વિનંતી છે કે, તેઓ જે તે મહિનાના તહેવારને અનુરૂપ, કોઈ વિશેષ દિવસ કે ઉજવણી અથવા વડીલોના સ્મૃતિ દિવસ માટે આપનો લેખ બે મહિના અગાઉ એડવાન્સમાં જરૂરથી મોકલશો. જેથી સમયસર પ્રકાશિત થાય. સંપાદન કાર્ય પૂર્ણ થયા બાદ મળેલા લેખને સ્થાન આપવાનું મુશ્કેલ બને છે. સહયોગની અપેક્ષા સહ નમ્ર અનુરોધ. - **તંત્રીશ્રી**

દિવાળીએ કરીએ અવગુણો - નકારાત્મકતાની સફાઈ

બ્ર.કુ. વિવેકાનંદ, મહાદેવનગર, અમદાવાદ

દિવાળી માત્ર ઘરની સફાઈ કરી દીવા પ્રગટાવવાનો પર્વ નથી. દિવાળી એક એવો પાવન ઉત્સવ છે કે જ્યારે આપણે અંતરમાં આત્મ-જ્યોતિ, જ્ઞાન, પવિત્રતા અને શ્રેષ્ઠ સંસ્કારોનો દીપક પ્રગટાવવો જોઈએ. દિવાળીના પહેલાં આપણે આપણા ઘર, દુકાન અને કાર્યાલયની સફાઈ કરીએ છીએ. જૂની, બિનજરૂરી અને નકામી વસ્તુઓને કાઢીએ છીએ. આપણે જાણીએ છીએ કે, જ્યારે જૂનો કચરો બહાર કાઢીશું ત્યારે તેની જગ્યાએ બીજી નવી ચીજો લાવી શકીશું. તેવી રીતે આપણા જીવનમાંથી પણ કેટલીક જૂની આદતો-સંસ્કારોને પણ બહાર કાઢવા ખૂબ જરૂરી છે. જેમ કે વ્યર્થ સંકલ્પો (વિચારો), અનુમાન, નારાજગી, સરખામણી, દેહઅભિમાન અને સૌથી સૂક્ષ્મરૂપે છુપાયેલી ઈર્ષ્યા. જો મનના કોઈ ખૂણામાં આ નકારાત્મકતાનો થોડોક પણ કચરો રહી ગયો હોય, તો આપણી ખુશી, સ્નેહ, પ્રેમ, સહયોગ અને સેવાઓ પણ પ્રભાવિત થવા લાગે. અહી દાદી પ્રકાશમણિજીના ક્લાસમાંથી અંતરમનની સફાઈની ચર્ચા કરી છે.

આ દિવાળીએ માત્ર સ્થૂળ સફાઈ ન કરીએ, પરંતુ આપણા મનને પણ પૂછીએ કે, મારા મનમાં એવું શું વ્યર્થ છે જેને મારે બહાર કાઢવાનું છે? આપણે સૌ પુરુષાર્થના એક જ પથ પર જઈ રહ્યા છીએ. પરમાત્માની જ શ્રીમતની આધારે શ્રીલક્ષ્મી-શ્રીનારાયણનું આહ્વાન કરી રહ્યા છીએ. આપણા સૌનું લક્ષ્ય એક જ છે કે, જલ્દી ભારત સ્વર્ગ બની જાય અને દૈવી સ્વરાજ્યની સ્થાપના થાય. માટે કર્માતીત અવસ્થા બનાવવા આપણે રાત-દિવસ મહેનત કરીએ છીએ. આ વાતને ટાંકતા દાદીજીએ એક વાત ઉપર ભાર મુક્યો કે, કર્માતીત બનવા માટે હું શું કરી રહી છું? એ વાત ઉપર અટેન્શન હોવું જરૂરી છે. કર્મભોગ પોતાની ગતિએ ચાલતો રહેશે. પરિસ્થિતિઓ આવતી-જતી રહેશે પરંતુ આપણે પોતાની સ્થિતિને ઊંચી બનાવવાની છે. જ્યારે કર્મબંધન પુરા થશે, ત્યારે આત્મા પંખીની જેમ સ્વતંત્ર બની ઉડી જશે. તેથી પોતાની જાતને કર્માતીત સ્થિતિની નજીક લાવવા પ્રયત્ન કરી એમ અનુભવીએ કે, હું કર્માતીત સ્થિતિની નજીક છું. હું આત્મા છું. હું શિવબાબાની સંતાન છું. મારે આ જૂની દુનિયામાં થોડા સમય માટે સેવાનો પાર્ટ ભજવવાનો છે. જ્યારે આ સ્મૃતિ પાકી થશે, ત્યારે નાની-નાની વાતો આપણને કોઈ અસર જ નહી કરે. અનુભવથી એક વાત સ્પષ્ટ છે કે, આ જૂની દુનિયામાં રાખ્યું શું છે? જૂના સંસ્કારોમાં શું રહ્યું છે? જૂની વાતોને પકડી રાખવામાં શું ફાયદો છે? કોઈના માટે નારાજગી કેમ રાખીએ? ઈર્ષ્યા કરવાથી શું લાભ? કારણ કે સૌથી સુંદર સુમધુર સંબંધ મારો બાબા સાથે જ છે. જ્યારે બાબા મારા છે, હું બાબાનો છું. તો મારે બીજા કોઈની સાથે શું લેવા-દેવા? મારાથી કોઈ આગળ જવાનું નથી કે, મારે કોઈને પાછળ પડવાના નથી. મારે કોઈની પાસેથી કંઈ છીનવવું નથી. કોઈની સાથે મારી સરખામણી કરવી નથી. મારે ફક્ત મારી સ્થિતિરૂપી સ્ટેજ પર બેસવાનું છે.

દાદીજીએ મને એક સોગાત આપી હતી, આજે પણ તે સાચવીને રાખી છે. ખાલી સાચવીને રાખી નથી, પણ ઘણાં ભાઈ-બહેનોને આપી છે. દેખાવમાં તો સામાન્ય છે, પણ ખુબ જ શક્તિશાળી

છે. મારા મનમાં જ્યારે હતાશા નિરાશા આવતી ત્યારે હું તે સોગાતને કાઢીને જોતો. એ સોગાત છે - દિવ્ય નાણું. જેની એક બાજુએ લખેલું છે-મારા તો એક શિવબાબા બીજું કોઈ નહિ. બીજી બાજુએ લખેલું છે-હું સમગ્ર વિશ્વનો છું. આ નાણાને જ્યારે-જ્યારે જોવું ત્યારે મનમાં ઉમંગ આવે. કંઇક નવું કામ કરવાનું મન થાય. બધી હદ-સરહદથી પાર જઈ વિચારવા લાગું. આખા વિશ્વના કલ્યાણ માટે વિચારચક્ર ફરવા લાગે છે. કોઈવાર વિશ્વના ખૂણામાં રહેતા ભાઈ-બહેનને સહયોગ આપવાની તક પણ મળી જાય.

દાદીજીની એક વાત મને હમેશા પ્રેરિત કરે કે, હું નબળો છું. આવો વિચાર કેમ આવે? ઘણી વખત આપણે પોતે એમ કહીએ છીએ, મારામાં સહનશક્તિ નથી. હું ખૂબ સંવેદનશીલ છું. મારાથી સહન થતું નથી. પરંતુ જો આપણે પોતાને પરમાત્માની સંતાન, શક્તિસ્વરૂપ આત્મા માનીએ, તો પછી નબળાઈની શા માટે? હું જ્યારે બહુચરાજીમાં સેવાર્થે હતો ત્યારે માં બહુચર વિશે સાંભળ્યું હતું કે, બહુચર જ વિચરણ કરનારી, બધાને રાજી રાખનારી માં છે. જ્યારે આ વાત સંભાળતો ત્યારે નશો ચઢતો કે, આપણો પાર્ટ ખુબ જ ઉંચો છે. કળીયુગના અંતે પણ આપણા ગુણો, આપણી શક્તિઓનું ગાયન થાય છે. મારી યાદગાર એટલી શ્રેષ્ઠ છે તો મારો પાર્ટ પણ ખુબ જ ઉંચો રહેવાનો. મેં કોઈની પરવા કર્યા વગર દાદીજીએ આપેલા નાણાને સાચવી આગળ વધતો ગયો. તથા જે સંકલ્પને વારંવાર દોહરાવું તેમ ધીમે-ધીમે મારી સ્થિતિ બનતી જાય છે.

વ્યર્થ સંકલ્પોની સફાઈ

જ્ઞાનમાં આવ્યા પછી આપણું જીવન બદલાઈ ગયું છે તેમ લાગે. પરંતુ સ્થૂળ વિકારોથી બચ્યા પછી પણ ઘણી વખત સૂક્ષ્મ વિકારો મનમાં પ્રવેશી જાય છે. દાદીજી સ્પષ્ટતાથી કહેતા કે, કોઈ કશું કહે તો જો મન ખરાબ થઈ જાય. બીજાને સન્માન મળે તો મનમાં ઈર્ષાવશ હલચલ થાય. અન્ય લોકોને આગળ વધતા જોઈને મન સહજ ન રહે. કોઈની સેવાની પ્રશંસા થાય તો મનમાં પ્રશ્ન ઊભો થાય આમ કેમ? મને કેમ નહીં? અહીં વ્યર્થ સંકલ્પોની શરૂઆત થાય છે. એક નાની વાત પણ મનમાં વારંવાર ફરતી રહે. બીજા વિચારો પણ આવતાં જાય અને ધીમે-ધીમે એ જ વાત આપણી મનની શાંતિને ખલાસ કરી દે છે. સૌ કોઈ આ વાતથી પરીચિત છે કે, કર્માતીત અવસ્થા પ્રાપ્ત કરવા માટે આ હદોથી પાર જવું પડશે. બેહદની ભાવના જ મનને વ્યર્થમાંથી મુક્તિ અપાવશે.

ઈર્ષ્યાની સફાઇ

ઈર્ષ્યા ચાલતી ગાડીને રોકી દે છે, લક્ષ્યથી ભટકાવી દે છે. જે વ્યક્તિ આગળ વધતો હોય ત્યાં આ સમસ્યા દિન પ્રતિ દિન વધતી જ જાય છે. દાદી કહેતાં કે, ઈર્ષ્યા ખૂબ સૂક્ષ્મ હોય છે. ઘણી વખત તો આપણને પણ ખબર પડતી નથી કે આપણે ઈર્ષ્યાના પ્રભાવમાં આવી ગયા છીએ. ઈર્ષ્યાનો અર્થ માત્ર કોઈના પ્રત્યે દ્વેષ રાખવો નથી. ઘણી વખત તે ખૂબ સૂક્ષ્મ સ્વરૂપ ધારણ કરે છે. જેમ કે, આને જ આગળ કેમ કર્યા? આ વ્યક્તિને જ આટલું સન્માન કેમ મળ્યું? આટલી બધી ખાતિરદારી આમની કેમ કરી? આ મારાથી મોટા કેવી રીતે હોય? તેમની સેવાને આટલું મહત્વ કેમ મળે છે? જ્યારે બીજા કોઈને આગળ વધતા જોઈ મનમાં ખુશીના બદલે અસહજતા ઊભી થાય, ત્યારે સમજવું જોઈએ કે, ક્યાંક ને ક્યાંક ઈર્ષ્યાનું બીજ સક્રિય થયું છે. વળી ઈર્ષ્યામાં એવી શક્તિ છે કે જે આપણને અન્ય માટે સ્નેહ, સહયોગ આપવા અને સેવાથી દૂર કરી દે છે. જ્યારે કોઈ દુઃખી હોય ત્યારે તેને મદદ કરતાં નથી અને કોઈ સુખી હોય

ત્યારે સહજ ખુશી પણ થતી નથી. એટલે કે ઈર્ષ્યા ફક્ત બીજાને નુકસાન કરતી નથી, પણ સૌથી પહેલાં તે આપણી ખુશીને ખલાસ કરી દે છે. ઈર્ષ્યાવશ આપણે યજ્ઞમાં વિઘ્ન ઉભા કરતાં હોઈએ છીએ. કોઈ એમ કહે છે કે, ભલે આ ભાઈ કે બહેન નિમિત્ત હોય, પણ હું તેને મદદ કે સાથ-સહકાર નહી આપું. મને સોપાયેલી સેવા હું મારી સમજ પ્રમાણે કરું, પણ આ ભાઈ-બહેનની સાથે નહિ. ઈર્ષ્યાનું આ બીજ ક્યારેક એટલી હદે મોટું થાય છે કે, બંને પક્ષે ખેંચતાણ થવા લાગે છે. ખરેખર એકબીજાને સહયોગ ન આપીને યજ્ઞમાં વિઘ્નરૂપ બનીએ છીએ. આતો યજ્ઞમાં હાડકા નાખવાનું કામ કહેવાય. ઈર્ષ્યા કરનારમાં ઘણી બધી વિશેષતાઓ, ગુણો હોવા છતાં પણ એ કર્માતીત અવસ્થાથી કોસો દુર થઇ જાય. આપણે યજ્ઞને મદદરૂપ બની સહયોગ આપીએ તો માત-પિતા, બાપદાદાની તેમજ નિમિત્તની દુઆ મળે જ છે.

અનુમાનની સફાઈ

દાદી કહેતા કે, ઈર્ષ્યાની સાથે જોડાયેલી એક બીજી ખૂબ સૂક્ષ્મ બીમારી છે - અનુમાન. આપણે કોઈને કંઈક કામ કરતા જોયા, તેના પાછળ એક વાર્તા ઉભી કરી. એણે આવું કેમ કર્યું? તેણે મારી સાથે વાત કેમ ન કરી? તેને મારી સેવા ગમતી નથી. તે મને પાછળ કરવા માંગે છે. તેને માત્ર પોતાની જ પ્રશંસા જોઈએ છે. પરંતુ શું આપણે વાસ્તવિકતા જાણી છે? ઘણી વાર આપણે હકીકત કરતાં પોતાના અનુમાન પર વધારે વિશ્વાસ કરીએ છીએ. પછી એ અનુમાનના આધારે કોઈ વ્યક્તિ પ્રત્યે આપણી ભાવના બની જાય છે. કોઈના પ્રત્યે સ્નેહ હોય તો તેની મોટીવાતને પણ નાની બનાવીને જોઈએ છીએ. અને કોઈના પ્રત્યે સ્નેહ ન હોય તો તેની સારી વાત પણ આપણને દેખાતી નથી. દાદીજી કહેતા હતા કે, અનુમાન હનુમાન બનવા નહિ દે. અર્થાત ઉડતી કલાનો અનુભવ નહિ કરવા દે.

અનુભવ અને જ્ઞાનના આધારે આપણે એ વાત સ્વીકારીએ કે, ઈર્ષ્યાનું મૂળ ઘણી વખત સરખામણીમાં છુપાયેલું હોય છે. જ્યારે આપણું ધ્યાન પોતાની યાત્રાથી હટીને બીજાની યાત્રા તરફ જાય છે, ત્યારે મન પૂછવા લાગે છે-એ મારાથી આગળ કેમ છે? પ્યારા શિવબાબા હંમેશા કહે છે કે મીઠા બાળકો, હમેશા ડ્રામાના રસ્તા પર ચાલતા રહો. દરેક આત્માનો પાર્ટ અલગ-અલગ છે. દરેક આત્માની વિશેષતા અલગ છે. દરેક આત્માની ગતિ અલગ છે. જો મને મારી શક્તિમાં વિશ્વાસ છે, તો બીજાની સફળતા મારી નિષ્ફળતા નથી. બીજાની ઉન્નતિ મારી હાર નથી. બીજાનું સન્માન મારા સન્માનને ઓછું કરતું નથી. બીજાની વિશેષતા મારી વિશેષતાને સમાપ્ત કરતી નથી. આ શુભ ભાવના રાખનારા જ કર્માતીત અવસ્થાની નજીક જશે.

કર્માતીત અવસ્થાની અનુભૂતિ માટે અચલ અડોલ સ્થિતિ

જ્ઞાનની મંઝિલને લાંબી ખજૂર જેવી કહેવામાં આવી છે. રસ્તામાં ચઢાવ-ઉતાર પણ આવે. કોઈ પ્રશંસા તો કોઈ ટીકા કરશે. કોઈ સન્માન આપશે તો કોઈ ઉપેક્ષા કરશે. પરંતુ પ્રશ્ન એ છે, શું મારી સ્થિતિ બીજાના વ્યવહારથી બને છે? જો કોઈ આપણને હલાવે અને આપણે તરત હલી જઈએ, તો સમજવું જોઈએ કે આપણી સ્થિતિ હજુ પણ બહારની પરિસ્થિતિઓ પર આધારિત છે. તેના બદલે એવી સ્થિતિ જોઈએ કે હું સારો રહું. સામેની વ્યક્તિ ગમે તેટલું કહે, થોડા સમય પછી તે પોતે જ થાકી જશે, પરંતુ હું મારી અચલ-અડોલ સ્થિતિમાંથી નીચે નહીં ઉતરું. આજ છે પોતાની મસ્તીમાં મસ્ત રહેવું. બાબાની યાદમાં રહેનારી

આત્માને દરેક વાતનો જવાબ આપવાની જરૂર નથી. ક્યારેક મૌન જ સૌથી સુંદર જવાબ હોય છે.

સ્વયંના ચેકિંગ માસ્ટર બનો

દિવાળીમાં બહારની સફાઈ માટે આપણે કોઈની મદદ લઈએ છીએ. પરંતુ આત્મિક સફાઈ માટે આપણે કોને બોલાવીશું? શિવબાબા કહે છે કે, પોતાના ચેકિંગ માસ્ટર પોતે જ બનો. દિવસના અંતે પોતાના ચોપડા જુઓ. આજે મારા મનમાં કોના પ્રત્યે ઈર્ષ્યા આવી? મેં કોના માટે અનુમાન કર્યું? કોની વાતથી મારું મન ખરાબ થયું? કઈ વાતે મને વ્યર્થ વિચારોમાં ફસાવ્યો? આવા નકારાત્મક પ્રશ્નો પુછવાના બદલે, શું કોઈની પ્રગતિ જોઈ મને ખુશી થઈ? શું મેં કોઈને સાચા દિલથી સહયોગ આપ્યો? આજે મારી સ્થિતિ કોઈના વ્યવહારથી પ્રભાવિત હતી? આ પ્રકારનું ચેકિંગ આપણને ધીમે-ધીમે ભીતરમાં છુપાયેલા દિવ્ય સંસ્કારોને ઇમર્જ કરવા માટે જરૂર મદદ કરશે. તેજ સાચી લક્ષ્મીનું આહ્વાન, શ્રીનારાયણનું આહ્વાન છે. **॥ ઓમ શાંતિ ॥**

(પેજ નં. 15નું અનુસંધાન)... **શ્રાદ્ધ નિમિત્તે**

કે વરસાદી વાતાવરણ પછી દૂધ-ખીર સુપાચ્ય હોય છે અને ચણાના લોટની વાનગી. તો આવું ભોજન કરવું અને બધાને કરાવવું. ઋતુ પ્રમાણે અને પૂર્વજોની સ્મૃતિ પ્રમાણે આપણે આ વ્યવહાર કરી, બધા હળીમળીને ભોજન કરવું. જેમાં સમાજમાં દરેક આત્મા પ્રત્યે સદભાવ, પ્રકૃતિ પ્રત્યે સુંદર ભાવ અને કુટુંબ પ્રત્યે આદરભાવ. મિત્રો, સહયોગી પ્રત્યે પણ ભાવના આ પ્રસંગમાં સમાયેલ છે. અંધશ્રદ્ધા કે ખોટા વહેમ રાખવા નહિ. પરંપરાનું સમજી વિચારીને આચરણ જરૂરી છે. પૂર્વજો કરતાં હતા એટલે કરવું તેમ નહી, પણ સમજીને આચરણમાં મુકવું અગત્યનું છે.

॥ ઓમ શાંતિ ॥

(પેજ નં. 19નું અનુસંધાન)... **પરમાત્મા સાથેનો**

ગણી છે. પરંતુ મનની શાંતિ ઓછી થઈ રહી છે. માહિતી ઘણી છે પરંતુ આંતરિક સમજ ઓછી થઈ રહી છે. લોકો સાથે જોડાવાના સાધનો અનેક છે પરંતુ પોતાના અંતરમન સાથેનો સંબંધ નબળો થઈ ગયો છે. આવી સ્થિતિમાં પરમાત્મા સાથેનો સંબંધ જીવન માટે પ્રકાશ બની શકે છે.

જ્યારે જીવનમાં અંધકાર લાગે ત્યારે પરમાત્માની યાદ એક દીવાદાંડી છે. જ્યારે મન થાકી જાય છે ત્યારે તેમની યાદ શીતળતાનો અનુભવ કરાવે છે. આ સંબંધને મજબૂત બનાવવા માટે દરરોજ થોડો સમય પોતાના અંતરમાં જવું જરૂરી છે. હું શાંત સ્વરૂપ આત્મા છું. પરમાત્મા મારા પિતા છે. તેમની શક્તિ મારી સાથે છે. આવી સ્મૃતિ ધીમે-ધીમે મનને સ્થિર બનાવે છે. જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવે છે.

પરમાત્મા સાથે સાચો સંબંધ એવો છે, જેમાં ભય નથી. વિશ્વાસ હોય પણ ફરિયાદ ન હોય. આંતરિક શાંતિ હોય. જીવનના અંતે રહી રહીને સમજાય છે કે, જીવનની સૌથી મોટી સંપત્તિ પૈસા કે વસ્તુ નથી. સૌથી મોટી સંપત્તિ છે પરમાત્માની યાદ અને તેમની સાથેનો અતૂટ સંબંધ.

ચાલો, જીવનની દોડમાં થોડું થોભીએ. બહારની દુનિયાને થોડા સમય માટે શાંત કરીએ અને પોતાના અંતરમાં રહેલા આત્માના અવાજને સાંભળીએ. પરમાત્મા સાથેના સંબંધને માણીએ, અનુભવ કરીએ. કારણ કે જ્યારે આત્માનો સંબંધ પરમાત્મા સાથે જોડાય છે ત્યારે પરિસ્થિતિઓ બદલાય કે ન બદલાય પરંતુ પરિસ્થિતિને જોવાની આપણી દ્રષ્ટિ તો ચોક્કસ બદલાઈ જાય છે. જ્યારે જોવાની દ્રષ્ટિ બદલાય છે ત્યાંથી જીવન બદલાવાની શરૂઆત થઈ જાય છે.

॥ ઓમ શાંતિ ॥

આરોગ્યની અમૃતધારા

વ્યસનો શા માટે છોડવા જોઈએ ?

બ્ર.કુ. અજીતકુમાર, જુનાગઢ

આજે ભારત સરકારના સામાજિક ન્યાય મંત્રાલય અને નાર્કોટિક્સ ડિપાર્ટમેન્ટ સાથે સંલગ્ન રહી બ્રહ્માકુમારીઝની મેડિકલ વિંગ દ્વારા '10 કરોડ નશા મુક્તિ પ્રતિજ્ઞા ભારત અભિયાન' ચાલી રહ્યું છે તો ચાલો આપણે જોઈએ કે પાન, બીડી, સિગરેટ, દારૂ વગેરે વ્યસનો શા માટે છોડવા જોઈએ? જેના કારણો વિગતવાર જોઈએ.

કેન્સર એક દર્દનાક બીમારી

એ સાબિત થઈ ગયું છે કે તમાકુમાં 400 પ્રકારના હાનિકારક રસાયણો આવેલા હોય છે, જે 48 પ્રકારના કેન્સરો કરી શકે છે. તમાકુની વાત કરીએ તો ભારતમાં તમાકુને કારણે 13.5 લાખ લોકો એક વર્ષમાં મૃત્યુ પામે છે. વિશ્વમાં 70 લાખ લોકો તમાકુને કારણે મૃત્યુને ભેટે છે. દારૂને કારણે 26 લાખ લોકો મૃત્યુ પામે છે. એક સિગરેટ પીવાથી 11 મિનિટ આયુષ્ય ઘટે છે. આજીવન તમાકુ પીવો તો દસ વર્ષ આયુષ્ય ઘટે છે. દારૂ પીવાથી લીવર આંતરડાનું કેન્સર થાય છે. તમાકુ દારૂ એ ધીમું ઝેર છે. પેલું ઝેર મનુષ્યને ફટાફટ મારે છે આ ઝેર ધીમે ધીમે મારે છે અને મૃત્યુ તરફ લઈ જાય છે. જ્યાં તમાકુના ખેતરો હોય છે ત્યાં વાડ હોતી નથી કારણકે તમાકુ ઢોર ખાતા નથી. પડીકી ઉપર લખ્યું હોય છે દાને દાને મેં હે કેસર કા દમ.. વિચાર કરો આટલું મોંઘુ કેસર તમાકુમાં નાખવું પોસાય ? એમ કહી શકાય કે દાને દાને મેં હે કેન્સર કા દમ.

આર્થિક નુકસાની અને હેરાનગતિ

બીડી, સિગરેટ, દારૂ કે ડ્રગ્સના સેવનથી આર્થિક ખર્ચો પણ ખૂબ થાય છે. સામાન્ય પાનમાંવા 20 રૂપિયાનો આવતો હોય તો લોકો સાંજ પડે 100-200નો પાન માવો, સિગરેટ પી જતા હોય છે અને પાંચસો કે એકહજારનો દારૂ પી જતા હોય છે. જ્યારે બીજી બાજુ જોઈએ તો પરિવારમાં ઘણાની ઝૂડી જો થોડી મોંઘી થઈ હશે તો મા વિચારશે કે આટલી મોંઘી છે તો હવે નથી લેવી ચાલશે પૈસા બચાવશે અને આપણે ફાલતુ સો, બસ્સો, પાંચસો એમજ વેડફી નાખીએ તો એ બુદ્ધિમતા કહેવાશે? બીજું જો કેન્સર થયું તો કેન્સરની બધી જ સારવાર સરકારી કે આયુષ્યમાન કાર્ડમાં ન પણ થતી હોય અને પ્રાઈવેટમાં સારવાર કરીએ તો ખર્ચ લાખોનો હોય છે ત્યારે આપણી જિંદગીભરની કમાણી કે જમીન કે મકાન વેચવા પડે છે.

કેન્સરની સારવાર મોંઘી, દર્દનાક અને લાંબી હોય છે. વારંવાર હોસ્પિટલ જવું, લાઈનમાં બેસવું, રિપોર્ટ કઢાવવા વગેરે.. આમાં સમય અને શક્તિનો બહુ વ્યય થાય છે, દુઃખ પણ સહન કરવું પડે છે. દર્દી પોતે અને પરિવાર પણ ખૂબ હેરાન થાય છે. તો આવડી મોટી નુકસાની કરાય ખરી?

સમાજ-પરિવારમાં માન સન્માનમાં ઘટાડો

કોઈ વ્યક્તિ દારૂ ડ્રગ કે તમાકુનું સેવન કરે છે તો સ્વાભાવિક છે તેનું તેમના ઘર પરિવાર સમાજમાં માન સન્માન ઘટે છે. વ્યસનોથી પર્સનાલિટી વધતી નથી પણ ઘટે છે. લોકો વખાણ નહીં કરે પરંતુ કહેશે કે ફલાણા ભાઈનો છોકરો તો દારૂડિયો થઈ ગયો. લોકો એને બોલાવશે પણ નહીં. નોકરી ધંધો પણ સારી રીતે નહીં કરી શકે અને નિષ્ફળ જશે અને ફેંકાઈ જશે.

ભગવાનને પણ વિનંતી કે પ્રાર્થના નહીં કરી શકાય

જો વ્યસનને કારણે એટલે કે આપણી ભૂલોને કારણે જ જો કેન્સર થશે તો આપણે ભગવાનને પ્રાર્થના કે વિનંતી નહીં કરી શકીએ કે હે ભગવાન હે માતાજી મને આ કેન્સર મટાડી દો. કારણકે મારા પાપે મારા વ્યસનની કુટેવથી આ કેન્સર થયું છે. એટલે આ સમયે આપણી પ્રાર્થના પણ ભગવાન પાસે પહોંચી શકતી નથી કે કરી શકતા નથી.

દુવા આપનાર પરિવારની જ બદદુઆ

સૌથી મોટી નુકસાનની વાત એ છે કે દુનિયામાં સૌથી વધુ આશીર્વાદ દુવા શુભકામના કોઈ આપવાવાળું હોય તો એ આપણા માતા પિતા, પતિ કે પત્ની, બાળકો, ભાઈ બહેન હોય છે. પરંતુ જ્યારે એ લોકોની વારંવાર સમજાવટ અને વિનંતીઓ કરવા છતાં આપણે દારૂ કે વ્યસન છોડતા નથી ત્યારે જો કેન્સર થાય અને આપણું મૃત્યુ થાય તો પરિવાર ખૂબ દુઃખી, હેરાન પરેશાન, નિરાશ થઈ જશે. માની લો કે કોઈ પતિનું કેન્સરથી મૃત્યુ થાય છે, તો પત્ની વિધવા થશે બાળકો અનાથ થશે. પત્નીને વિધવા સહાયનું ફોર્મ ભરવા જવું પડશે. પતિની ગેરહાજરીમાં ઓફિસોમાં વારંવાર ધક્કા ખાવા પડશે. કોઈને કોઈ કામે જાવું પડશે. કંઈ ખબર ન પડે અને હેરાન થાય ત્યારે ત્યારે તેમની પત્ની તેમના પતિને યાદ કરશે કે મેં કેટલુ સમજાવ્યું પણ ન સમજ્યા અને કેન્સર થયું મરી ગયા. હવે હું અને મારા બાળકો કેટલા હેરાન થઈએ છીએ. દિલમાંથી ન ચાહવા છતાં પણ ઘરાર બદદુઆ નીકળશે. છોકરાઓ પણ સારી સ્કૂલમાં ભણી નહીં શકે આમ સમગ્ર પરિવાર દુઃખી થશે મરનાર પતિ કે પુત્રને આશીર્વાદને બદલે બદદુવા જ મળશેને. આ કેવડી મોટી નુકશાની. જે પરિવાર આશીર્વાદ આપનારો હોય છે, એ જ પરિવાર જાણે અજાણે બદદુઆ આપે. કહેવાય છે કે કાળા માથાનો માનવી ધારે તે કરી શકે. મેડીટેશનના માધ્યમથી જીવનમાં દ્રઢતા આવે છે, આત્મા સશક્ત બને છે અને સરળતાથી વ્યસન મુક્ત બની શકીએ છીએ.

તો ચાલો આપણે વ્યસન મુક્ત બનીએ અને ભારતને વ્યસન મુક્ત બનાવીએ અને જીવનમાં ક્યારેય વ્યસન નહીં લેવાની દ્રઢ પ્રતિજ્ઞા લઈએ .

॥ ઓમ શાંતિ ॥

(પેજ નં. 13નું અનુસંધાન)..સુખ શાંતિનો સુપ્રીમ

શોપિંગનો ક્રેઝ છે, તેમ અહીં ઓનલાઈન લેસન્સ અને મુરલી પણ ઉપલબ્ધ છે. એટલું જ નહીં, બ્રહ્માકુમારીઝના સમર્પિત ભાઈઓ અને બહેનો આ જ્ઞાન અને શાંતિનો સામાન/વખાર લઈને 'ડોર-ટુ-ડોર' (Door-to-Door) જઈને આ દૈવી સંદેશાની ડિલિવરી પણ કરી રહ્યા છે.

હવે નહીં તો ક્યારે ? (अब नहि तो कब ?)

આજે આપણી આસપાસની પરિસ્થિતિઓ બદલાઈ રહી છે. વર્લ્ડ વોર (વિશ્વ યુદ્ધ), સિવિલ વોર (આંતરિક વિગ્રહ)ના ભયાનક નગારા વાગી રહ્યા છે અને અણધારી કુદરતી આફતો (Natural Calamities) આવી રહી છે. સમય ખૂબ જ ઓછો છે અને છેલ્લો સમય નજીક આવી રહ્યો છે.

તેથી જ, મોડું થાય તે પહેલાં, તમે પણ તમારા નજીકના બ્રહ્માકુમારીઝ સેવાકેન્દ્ર (દૈવી ડી-માર્ટ) પર પધારો. આ અનોખા મોલની મુલાકાત લો, રાજયોગ શીખો અને પરમાત્માના સુખ-શાંતિના અખૂટ ખજાનાની ખરીદી કરી લો. અભી નહીં, તો કભી નહીં! **॥ ઓમ શાંતિ ॥**

જ્ઞાનામૃતની સેવાયોજના...

હવે... સંગમયુગી સેવામાં નંબર વન લઈએ

બ્ર.કુ. ડૉ. નંદિનીબેન, સુખશાંતિ ભવન, અમદાવાદ.

આપ સૌ બહેનોને ખુશખબર જણાવવાની કે જ્ઞાનામૃત જાન્યુઆરી, 2027થી 55મા વર્ષમાં મંગલ પ્રવેશ કરશે. નવા વર્ષમાં એક વિશેષ સંગમયુગી સેવાયોજનાનું આયોજન છે. જેમાં સેવાકેન્દ્ર અને વ્યક્તિગત સ્તરે સેવાયોજના છે. આપ ટીચર્સ બહેનો ક્લાસમાં આ જરૂર વાંચી બ્રાહ્મણોમાં ઉમંગ-ઉત્સાહ ભરી સેવાયોજનામાં બધાને જોડશો. ઉમંગ-ઉત્સાહ માટે સંગમયુગી સેવાયોજના -

● જે સેવાકેન્દ્ર (વ્યક્તિગત એક જ સેવાકેન્દ્ર) સૌથી વધુ નવા મેમ્બર બનાવશે, તે સેવાકેન્દ્રને પ્રથમ, દ્વિતીય અને તૃતીય ઈનામ આપી સન્માનિત કરવામાં આવશે. (જ્યાં બે કે વધુ સેવાકેન્દ્રોના મેગેઝીન સાથે મંગાવે છે. તેઓ દરેક સેવાકેન્દ્રોની ગયા વર્ષની અને નવા વર્ષની સંખ્યાનું લીસ્ટ ફક્ત જાણ માટે આપી શકે છે. જેથી તે સેવાકેન્દ્ર આ સેવાયોજનામાં ગણાય. મેગેઝીન જેમ એક સાથે આવે છે તેવા પ્રમાણે મોકલીશું)

● બધા વાચકો, બી.કે. ભાઈ-બહેનો, શુભેચ્છકો પણ વ્યક્તિગત પણ આ સેવાયોજનામાં જોડાઈ શકો. તેઓ પોતાના સેવાકેન્દ્ર પર વ્યક્તિગત રૂપે પોતે સૌથી વધુ જ્ઞાનામૃતના નવા મેમ્બર બનાવી ઈન્ચાર્જ બહેનને નામ, સરનામું, લવાજમ ચાદી જમા કરાવશે. તે ભાઈ-બહેનોને પ્રથમ, દ્વિતીય અને તૃતીય ઈનામ અપાશે અને વ્યક્તિગત સન્માન પણ કરવામાં આવશે.

સંગમમાં બાબાએ સેવાનું એક સુંદર 'જ્ઞાનામૃત' આપ્યું છે. જેના થકી બાબાનો સંદેશ આપી, બીજા નવા સભ્યો બનાવવાનું લક્ષ્ય જરૂર રાખશો. બ્રહ્માવત્સો એક-બીજાને સભ્ય જરૂર બનાવે તેવું લક્ષ્ય આપશો. સેવાકેન્દ્ર તથા ગીતાપાઠશાળાના દરેક બી.કે. પરિવારના ઘરે બાબાનું ગુજરાતી 'જ્ઞાનામૃત' મેગેઝીન અવશ્ય હોવું જ જોઈએ. એટલે જુના મેમ્બરોને પણ ચાલુ રાખશો, અને બીજા નવા સભ્યો પણ જરૂર બનાવશો. સંગમયુગમાં જ્ઞાનદાન કરવાનો આ સુવર્ણ અવસર ઝડપી આ સેવા કરીને ભાગ્ય અવિનાશી બેંકમાં જમા કરી લેશોજી. દરેક બાબાના બાળકો પોતે જરૂર સભ્ય બને, અંક વાંચીને, તે અંક બીજાને વાંચવા આપે. એક વર્ષમાં તમે 12 મેગેઝીનથી અલગ-અલગ પરિવારો, પાડોશી, સ્નેહીજનો, નોન-બીકે ભાઈ-બહેનો, મિત્રો, વેપારીઓ, ઓફીસના અધિકારીઓ, સમાજસેવી સંસ્થાઓ, મહિલા મંડળ, શાળા-કોલેજ, લાઈબ્રેરીવાળાને વાંચવા આપી તેમની સેવા કરવાનો અવસર લો અને તેમને નવા મેમ્બર બનાવવાનું લક્ષ્ય પણ ભાઈ-બહેનોને આપશો. સૌ વાંચકમિત્રોને પણ સાદર વિનંતી કે, તમે પણ બીજા નવા સભ્યો જરૂર બનાવશો. હવે.. વ્યક્તિગત કોણ નંબર વન લે છે? કયું સેવાકેન્દ્ર નંબર વનમાં આવશે?

જ્ઞાનામૃતનું સંપાદન, ડિઝાઈનીંગ, પ્રિન્ટીંગનું કામ નિયમિત ચાલે છે. મેગેઝીન પહોચાડવા ટ્રાન્સપોર્ટ, ટપાલ ખાતાની સેવાઓ મળે છે. જેથી આપને નિયમિત જ્ઞાનામૃત સમયસર, સારી સ્થિતિમાં અંકો મળી જતાં હશે તેવી આશા છે. છતાં જ્ઞાનામૃત માટે કોઈ તકલીફ કે સુચન નિ:સંકોચ જણાવી શકો છો. સહર્ષ જણાવવાનું કે, જ્ઞાનામૃતની ઈ-કોપી બી.કે. મેગેઝીનની વેબસાઈટ, જીઓ એપ્લીકેશન ઉપર પણ હોય છે.

॥ ઓમ શાંતિ ॥

વર્ષ 2027 જ્ઞાનામૃતની વિશેષ સૂચના, આભારદર્શન

બ્ર.કુ. ડૉ. નંદિનીબેન, સુખશાંતિ ભવન, અમદાવાદ.

બ્રહ્માકુમારીઝ સેવાકેન્દ્રોના ઈન્ચાર્જ બહેનો, સાથી બહેનો, બ્ર.કુ. ભાઈ-બહેનો, સ્નેહી ગ્રાહકો અને વાચકમિત્રો,

સૌ કુશળ હશો. જ્ઞાનામૃતનું નવું વર્ષ જાન્યુઆરી, 2027થી શરૂ થશે. **આપને સૌને નમ્ર વિનંતી કે, નવા વર્ષ 2027 માટે આપના જ્ઞાનામૃત મેગેઝીન (ફક્ત વાર્ષિક મેમ્બર)ની સંખ્યા જલ્દીથી તારીખ 30, નવેમ્બર 2026 પહેલા**

જ્ઞાનામૃત કાર્યાલય 'સુખશાંતિ ભવન'
બ્ર.કુ. નંદિનીબેનને જ્ઞાનામૃતના
Email - gyanamrit.guj@gmail.com
અથવા **WhatsApp No. +91 94267 08448**

ઉપર ખાસ લેખિતમાં જાણ કરશો. જ્ઞાનામૃતનું લવાજમ યથાવત જ રાખેલ છે. જાન્યુઆરી, 2027નો અંક તૈયાર કરી પ્રિન્ટીંગ માટે ડિસેમ્બર, 2027માં આપીશું. આપ સૌની અથક મહેનત, પરિશ્રમ અને સાથ-સહકાર-સહયોગથી અમને જ્ઞાનામૃત અંકની પ્રતોની સંખ્યા 30 નવેમ્બર સુધીમાં **એડવાન્સમાં મળશે તેવી આશા છે.**

સમગ્ર વર્ષ દરમ્યાન સર્વ નિમિત્ત ટીચર્સ બહેનો, સાથી બહેનો, જ્ઞાનામૃતના સૌ સભ્યો, વાચકો, શુભેચ્છકો.. જ્ઞાનામૃત માટે દરેક સેવાકેન્દ્ર પર નવા સભ્યો બનાવવા, યાદી તૈયાર કરવી, ટ્રાન્સપોર્ટમાંથી લાવવા તેને ક્લાસમાં, ગીતા પાઠશાળામાં, શહેર-ગામમાં બીજા સેવાકેન્દ્રોને આપવા, અન્ય નોન બી.કે. સભ્યોને પહોચાડવાની સેવા પૂરી પાડનાર, સેવાકેન્દ્રોની સેવાના ફોટા પાડી સમાચાર સાથે સમયસર મોકલવા જેવી ઘણી અનમોલ સેવાઓમાં આપ સૌનો દરેક નાના-મોટા કાર્યમાં ખુબ-ખુબ સાથ, સહકાર, સહયોગ અને સપોર્ટ જ્ઞાનામૃતને મળતો આવ્યો છે. સમ્રગ વર્ષ દરમિયાન નવા-નવા લેખકોએ લેખ, કૃતિ, અભિપ્રાય, અનુભવ લખી નિયમિત મોકલ્યા છે. તે બદલ અમે આપના ઋણી છીએ, પ્રકાશક, તંત્રી અને સમગ્ર જ્ઞાનામૃત ટીમ આપનો દિલથી આભાર.

વિશેષ જ્ઞાનામૃત ટાઈપ કરી સમયસર સેટિંગ કરવા માટે મીનળબેન, જ્ઞાનામૃતને ક્ષતિરહિત બનાવવા પ્રુફ રીડીગ કરવા માટે અનિલભાઈ લાડ, ગ્રાફિક ડીઝાઈન (મુખપૃઠ) માટે નિકુંજભાઈ, કાર્યાલયનું કાર્ય-સંકલન-પેકિંગ-વિતરણ-ટ્રાન્સપોર્ટ જેવી વિવિધ ટીમોના અવિરત સાથ-સહકાર માટે ખરા હૃદયથી આભાર માનીએ છીએ. જ્ઞાનામૃતની સેવા અવિરત 53 વર્ષ સુધી આદરણીય ડો. કાલિદાસ-ભાઈ પ્રજાપતિએ અખંડ અથક રહીને કરી, તેમનાં બીજારોપણ કરેલ 'જ્ઞાનામૃત'ને આપણે સાથે મળીને વધુ આગળ વધારીએ. આદરણીય ભારતીદીદીના પ્રકાશકના સ્થાનેથી ઈશ્વરીય સેવાર્થે નવા કલેવરમાં 'જ્ઞાનામૃત' સદાકાળ જીવંત રહે, આપણે તેને આગળ ધપાવતા રહીએ તેવી અભ્યર્થના સાથે... પુનઃ પ્રકાશક અને તંત્રીની સાથે જ્ઞાનામૃત ટીમ આપ સૌ નામી-અનામીનો અંતકરણ પૂર્વક, દિલથી ખુબ-ખુબ આભાર માને છે. **બહેનો, નવા વર્ષમાં આપની સંખ્યા સમયસર અમને મળી જશે તેવી શુભ આશા અને પૂર્ણ વિશ્વાસ છે. આભાર સહ.**

॥ ઓમ શાંતિ ॥



દિવાળીનું આધ્યાત્મિક રહસ્ય



બ્ર.કુ. કરણભાઈ, માતર

પ્રાચીન ભારતમાં સૌથી મહત્વનો તહેવાર એટલે **'દિવાળી'** . દિવાળીનો તહેવાર ભારત અને પરદેશમાં પણ ઉજવવામાં આવે છે. એક ગામમાં દિવાળીની તૈયારીઓ ચાલતી હતી. ઘરોમાં સાફ-સફાઈ થતી, રંગોળી બનતી અને લોકો દીવડાં ખરીદતા હતાં. કોઈએક ઘરમાં એક નાનો દીવો મોટા દીવા સાથે પડ્યો હતો. દિવાળીની રાત્રે બધા મોટા દીવા પ્રગટાવવામાં આવ્યા. ઘર ખૂબ સુંદર અને પ્રકાશમય બની ગયું. નાનકડા દીવાએ વિચાર્યું કે 'હું તો બહુ નાનો છું. મારા પ્રકાશથી શું ફરક પડે?'

ત્યારે એક વ્યક્તિએ તેને પ્રગટાવી કહ્યું, 'દીવો, તું નાનો છે કે મોટો તે મહત્વનું નથી. તારી અંદરના પ્રકાશની કિંમત છે.' નાનકડો દીવો પ્રગટ્યો, તેની જ્યોત નાની હતી, પરંતુ તે સતત પ્રકાશ આપતો રહ્યો. તેને જોઈને ઘરના બાળકને એક સુંદર વિચાર આવ્યોને દાદાને પૂછ્યું, 'દાદા, દર વર્ષે દિવાળીએ દીવા પ્રગટાવીએ, પણ શું આપણા મનમાં પણ દીવો પ્રગટાવવો જોઈએ?' દાદાએ કહ્યું, 'હા બેટા, ઘરમાં અંધકાર હોય તો દીવો દૂર કરે, પણ મનમાં ક્રોધ, ઈર્ષ્યા, અહંકાર, ચિંતા અને દુ:ખનો અંધકાર હોય તો તે કયો દીવો દૂર કરશે?' ત્યારે દાદાએ કહ્યું 'જ્ઞાનનો દીવો, પવિત્ર વિચારોનો દીવો અને પરમાત્માની યાદનો દીવો.' તે દિવસથી એ બાળક દિવાળીએ ઘરના દીવાની સાથે મનમાં પણ સંકલ્પનો દીવો પ્રગટાવતો કે 'આજે હું કોઈને દુ:ખ નહીં આપું, કોઈ માટે ખરાબ વિચાર નહીં કરું અને મારા જીવનમાં શાંતિનો પ્રકાશ વધારું.' સમય જતાં બાળક મોટો થયો. તેણે પોતાના બાળકોને કહ્યું, 'દિવાળીનો સાચો અર્થ કેટલા દીવા પ્રગટાવ્યા તે નહિ પણ સાચી દિવાળી એ છે જ્યારે કોઈના જીવનમાં પ્રકાશ આવે.'

આ વાર્તાનો આધ્યાત્મિક સંદેશ

દીવો શીખવે છે કે, પ્રકાશ માત્ર પોતાના માટે નહિ, પરંતુ સૌને વહેંચવાનો છે. આધ્યાત્મિક દૃષ્ટિએ જ્યારે આત્મા પરમાત્માની યાદ તથા જ્ઞાનથી પોતાના મૂળ ગુણોને જાગૃત કરે છે, ત્યારે જીવનમાં સાચો પ્રકાશ આવે છે. તેથી દિવાળી એ માત્ર બહારના દીવા કરવાનું પર્વ નહીં, પરંતુ આત્મામાં જ્ઞાન અને પવિત્રતાનો દીવો કરવાનો પવિત્ર અવસર છે.

દિવાળીનું આધ્યાત્મિક રહસ્ય

ભારતીય સંસ્કૃતિમાં દિવાળી પર્વનો સાચો અર્થ માત્ર દીવા પ્રગટાવવાનો કે મીઠાઈ ખાવાનો તહેવાર નથી. દિવાળી સાથે જોડાયેલા બધા દિવસોમાં આધ્યાત્મિક રહસ્ય રહેલું છે. વાઘબારસથી લઈને લાભપાંચમ સુધીના દિવસો આપણને જીવનમાં શુદ્ધતા, જ્ઞાન, આત્મજાગૃતિ, જૂના સંસ્કારોનો અંત, નવી શરૂઆત, સંબંધોની પવિત્રતા અને સાચા અર્થમાં સુખ-સમૃદ્ધિ તરફ આગળ વધવાનો સંદેશ આપે છે.

'દીપાવલી' શબ્દનો અર્થ - દીવડાઓની પંક્તિ. પણ આધ્યાત્મિક રીતે દીવો જ્ઞાનપ્રકાશનું પ્રતીક છે. **દિવાળીનો સાચો સંદેશ -** અજ્ઞાનના અંધકારમાંથી જ્ઞાનના પ્રકાશ તરફ જવું.

દિવાળીનો તહેવાર ક્યારથી અને કેમ ઉજવવામાં આવે છે?

પ્રાચીન સમયથી ભારતીય પરંપરામાં

ઉજવાતો આ પર્વ છે. વિવિધ પ્રદેશો અને પરંપરાઓમાં જુદી-જુદી ધાર્મિક અને સાંસ્કૃતિક માન્યતાઓ છે. કોઈ શ્રીરામના અયોધ્યા આગમન સાથે દિવાળીને જોડે, જ્યારે વેપારી સમાજમાં તેને નવા વર્ષ અને સમૃદ્ધિ સાથે જોડવામાં આવે છે. આધ્યાત્મિક દૃષ્ટિએ આ તહેવાર આપણને શું શીખવે છે? દિવાળી જીવનમાં પાંચ મહત્વપૂર્ણ પરિવર્તન તરફ લઈ જાય છે.

૧. અંધકારમાંથી પ્રકાશ તરફ - અજ્ઞાનમાંથી જ્ઞાન તરફ આગળ વધવું.

૨. અશુદ્ધિમાંથી પવિત્રતા તરફ - નકારાત્મક સંસ્કારોને બદલે સારા સંસ્કારો લાવવા.

૩. જૂનામાંથી નવું - જૂની ફરિયાદો, નકારાત્મક વિચારો છોડીને નવી શરૂઆત કરવી.

૪. સ્વાર્થમાંથી સેવા તરફ - માત્ર પોતાના સુખનો વિચાર નહીં, પરંતુ બીજાના જીવનમાં ખુશી લાવવી.

૫. બાહ્ય ઉજવણીમાંથી આંતરિક ઉજવણી તરફ - માત્ર ઘરને નહીં, પરંતુ મન-બુદ્ધિને પ્રકાશિત કરવી.

વાઘબારસનો સાચો સંદેશ છે કે પ્રકૃતિનું સન્માન કરવું, પશુ-પક્ષીઓ પ્રત્યે દયા રાખી જીવમાત્રના જીવનનું મૂલ્ય સમજવું. વાઘબારસને સમૃદ્ધિ સાથે પણ જોડવામાં આવે છે. આધ્યાત્મિક દૃષ્ટિએ સમૃદ્ધિ માત્ર પૈસા અને સંપત્તિમાં નથી. સાચી સમૃદ્ધિ એટલે જીવનમાં શાંતિ, પ્રેમ, પવિત્રતા, સંતોષ, સહનશક્તિ, સત્યતા અને શુભભાવના.

ધનતેરસના દિવસે લોકો સોનું, ચાંદી અને નવી વસ્તુઓ ખરીદે છે. આધ્યાત્મિક રીતે ધનતેરસ આપણને સાચા ધનની ઓળખ કરાવે છે. શરીર, ઘર, પૈસા અને સંપત્તિ જીવન માટે જરૂરી હોય, પરંતુ તે કાયમી નથી. આત્માનું સાચું ધન છે - જ્ઞાન, ગુણ અને શક્તિ.

કાળીચૌદસે અંધકાર અને કાળી શક્તિનો વિચાર આવે. પણ આ દિવસને આપણે અંદરના અંધકારને ઓળખવાનો દિવસ છે. અંતરમાં ક્રોધ, લોભ, મોહ, અહંકાર, ઈર્ષ્યા, દ્વેષ, ભય અને ચિંતા જેવી નબળાઈને દુર કરીએ. સાચો સંદેશ એ છે કે જેમ બહારના અંધકારને દીવો દૂર કરે તેમ મનના અંધકારને જ્ઞાનનો પ્રકાશ દૂર કરે છે. આ દિવસે નબળા સંસ્કારને ઓળખીને તેને બદલવાનો સંકલ્પ કરીએ.

દર વર્ષે દિવાળી આવે ત્યારે ઘરની સફાઇ કરીએ, જૂની-નકામી વસ્તુઓ કાઢીએ, ઘર સજાવીએ, દીવા પ્રગટાવીએ છીએ. પરંતુ શું મેં મારા મનની સફાઇ કરી? વર્ષ દરમિયાન મનમાં કોઈના માટે રોષ, ઈર્ષ્યા, અણબનાવ, ફરિયાદ, દુ:ખ, અહંકાર કે નકારાત્મક વિચારો થયા હોય તેને દૂર કરવાની જરૂર છે. કારણ કે ઘર ગમે તેટલું સુંદર હોય, પરંતુ મનમાં અશાંતિ હોય તો જીવનમાં સાચો પ્રકાશ આવી શકતો નથી. દીવો આપણને સંદેશ આપે છે કે દીવો પોતે બળે અને બીજાને પ્રકાશ આપે છે. તેમ જે વ્યક્તિ પોતે શાંત છે તે જ બીજાને શાંતિ આપી શકે. જે પોતે ખુશ છે તે જ બીજાને ખુશ કરી શકે. જે જ્ઞાનથી ભરપૂર છે તે જ બીજાને જ્ઞાન આપી શકે.

દિવાળીના દીવાને આત્માનું પ્રતીક માની તેની જ્યોત જ્ઞાનનું પ્રતીક બને. જ્ઞાનનો અર્થ માત્ર માહિતી નથી. સાચું જ્ઞાન એટલે 'હું કોણ છું?' તેની ઓળખ, પોતાના ગુણોને ઓળખવા અને જીવનનો સાચો હેતુ સમજવો. દિવાળી એક દિવસની ઉજવણી નથી. ચાલો આપણે આત્મપરિવર્તનની શરૂઆત કરીએ.

નવું વર્ષ એટલે જીવનમાં એક નવી શરૂઆત

કરવાનો સુંદર અવસર. દિવાળી પછી નવું વર્ષ આવે એટલે એકબીજાને **'સાલ મુબારક'** કહીને શુભેચ્છાઓ આપીએ છીએ. ઘરમાં આનંદનું વાતાવરણ હોય, નવા કપડાં પહેરી, સગા-સંબંધીઓને મળી નવા વર્ષની શુભકામનાઓ આપે છે. પણ શું માત્ર વર્ષ બદલાયું કે મારું જીવન પણ બદલાયું છે?

નવા વર્ષે આપણા વિચારો, સંસ્કારો, વર્તન અને જીવન જીવવાની રીતમાં નવું શું આવ્યું? નવું વર્ષ આપણને પોતાના મૂળ સ્વરૂપ તરફ પાછા ફરવાનો અવસર આપે છે.

નવું વર્ષ એટલે જૂનાને વિદાય અને નવાને આવકાર. કોઈએ ભૂલ કરી તો ક્ષમા અને શુભભાવના રાખવી. નવા વર્ષમાં સંબંધોમાં પરિવર્તનની શરૂઆત સ્વયંથી કરીએ. નવા વર્ષમાં પરિવારને સમય આપવો, વડીલોનું સન્માન કરવું, બાળકોને પ્રેમથી સમજવા, મિત્રો સાથે સંબંધો રાખવા, કોઈના દુઃખમાં સાથ આપવો. આ છે નવા વર્ષની સુંદર શરૂઆત.

ભાઈબીજ સામાન્ય રીતે ભાઈ-બહેનના પવિત્ર સંબંધનો તહેવાર છે. ભાઈબીજ એટલે સંબંધોમાં સ્વાર્થ નહીં, સ્નેહ અને સન્માન હોવું જોઈએ. દેહના સંબંધોથી આગળ આત્મિક ભાઈચારો વિકસાવવો એ ઊંચી ભાવના છે. ભાઈબીજ એટલે સંબંધોમાં પવિત્રતા, પ્રેમ અને શુભભાવનાનો દીવો પ્રગટાવવો.

લાભપાંચમ એટલે સામાન્ય રીતે વેપાર-ધંધામાં શુભ શરૂઆત અને લાભ સાથે જોડે છે. પરંતુ સાચો લાભ એટલે- જ્ઞાન, શાંતિ, સારા સંસ્કારો, સંબંધોનો લાભ, સમયનો સદુપયોગ અને આત્મિક શક્તિનો લાભ. જીવનમાં એવો લાભ કમાવો જે અંત સુધી તમારી સાથે રહે.

દિવાળીનો સૌથી મોટો સંદેશ પોતાને બદલો. દિવાળી માત્ર એક દિવસની ઉજવણી નહીં, પણ જીવનની આધ્યાત્મિક યાત્રા બને. **હૃદયમાં દીવો પ્રગટે તે સાચી દિવાળી. ઘર પ્રકાશિત થાય તે ઉજવણી, જીવન પ્રકાશિત થાય તે દિવાળી.**

॥ ઓમ શાંતિ ॥

(પેજ નં. 18નું અનુસંધાન)... **કિસાની દાદીજી**

પ્રકાશમણિદાદી કિશનીદાદીના નાના બહેન હતા, સિંધીમાં મોટા બહેનને દાદી કહેવાય છે. કિશનીદાદી પ્રકાશમણિદાદીના મોટા બહેન હોવા છતાં પણ પ્રકાશમણિદાદીને દાદી (મોટા બહેન) કહેતા અને નાના બહેનને મોટા સમજીને સન્માન આપતા હતા. રાજયોગિની કિશનીદાદીજી ઈકોનોમીના અવતાર હતા, દાદીજીએ સીમિત સાધનોમાં રહીને પણ માત્ર સેવાને જ પ્રધાનતા આપી. દાદીજીના દિલમાં સૌના પ્રત્યે સ્નેહ અને પોતાનાપણાનો ભાવ સદાય રહેતો હતો. દાદીજી સદા સૌના પ્રત્યે કલ્યાણની ભાવના રાખીને આગળ વધારવાનો પ્રયત્ન કરતા હતા. દાદીજી જ્યારે પણ યજ્ઞ ઈતિહાસનું વર્ણન કરતા હતા, તો બધા દ્રશ્યો સાંભળનારાઓની સન્મુખ જીવંત થઈ ઊઠતા હતા. તેમને સેવા અને પઢાઈથી ખૂબ પ્રેમ હતો. જીવનના અંતિમ દિવસોમાં પણ તેઓ પટનામાં જ સેવાઓ આપતા રહ્યા. 18 નવેમ્બર 2005ના રોજ તેઓ પોતાનો જૂનો દેહ ત્યાગ કરીને અવ્યક્ત વતનવાસી બની ગયા.

॥ ઓમ શાંતિ ॥

અનુવાદ - બ્ર.કુ. વિજય પોશિયા,
ઈન્ડિયા કોલોની, અમદાવાદ.

પ્રેમનો પ્રકાશ

બ્ર. કુ. જૂનાગઢ

જોઈએ છે તારે જેમ પ્રેમ લાગણી,
એમ બીજાને પણ જોઈએ છે,
તું પહેલા પ્રેમનું પ્રાંગણ બન,
જ્યાંથી પ્રેમનો સહવાસ અનુભવાય,
એકવાર લાગણીનો છોડ વાવીને જો,
કેટલા પ્રેમનાં પુષ્પો ખીલે છે,
તું પહેલા શરુઆત કર,
જ્યાંથી માનવતાની મહેક અનુભવાય,
અડગતા અભિમાન ઓગાળીને જો,
કેટલી નિર્માણતા પ્રગટે છે,
તું પહેલા નિમિત બન,
જ્યાંથી વિશ્વ બંધુત્વની
ભાસના અનુભવાય,
નામ માન શાન શરીરનાં જો,
કેટલી ચિંતા વ્યાકુળતા પ્રગટે છે.
બેહદ બાપનું નામ ઉજાગર કર,
જ્યાંથી અતિન્દ્રિય સુખ અનુભવાય,
ભાષા સમજ અંતર-મનની સૌની,
સૌ કોઈ કંઈક અવિનાશી ચાહે છે,
અવિનાશી પ્રેમનું અખંડ ઝરણું બન,
જ્યાં પ્રેમ સાગરને અનુભવાય.

॥ ઓમશાંતિ ॥

વાચકોના પ્રતિભાવ

સપ્ટેમ્બર 2026ના અંકમાં બ્ર.કુ. મુકેશ જોશી, ભાવનગર દ્વારા લખેલ 'મુલ્યનિષ્ઠ યુવા' વિશેનો લેખથી યુવાનોને સરળ ભાષામાં સમજાય તેવું, પરમાત્માનું જ્ઞાન ખૂબજ ઉપયોગી અને પ્રેરણાદાયી છે.

મોકલનાર - બ્ર.કુ. દિલીપભાઈ પરમાર,
નિવૃત અધિક્ષક ઈજનેર, આણંદ
(12-09-2026) મો. 99041 37400

જ્ઞાનામૃત (સપ્ટેમ્બર 2026) સામાયિકનું શ્રીકૃષ્ણનું સૌમ્ય સ્મિતવાળું મુખપૃષ્ઠ ખરેખર અદભુત અને વાસ્તવિક દ્રશ્ય લાગે છે. મુખપૃષ્ઠ બનાવનાર આર્ટીસ્ટને ખૂબ ખૂબ અભિનંદન.

મોકલનાર : દેવેન્દ્ર પટેલ, વરિષ્ઠ પત્રકાર,
અમદાવાદ (26-08-2026)

સંગમયુગની પ્રશ્નાવલીના જવાબો

1.	સર્વિસ	2.	રોચા
3.	મમત્વ	4.	રાવણ
5.	પ્રત્યક્ષ	6	તરસ
7	શ્રીમત	8	નવી
9	ભણતર	10	એક્સ્ટ્રા
11	મન્સા	12	શ્રેષ્ઠાચારી
13	પ્રીત	14	બુદ્ધિ
15	સ્નેહ	16	એવરરેડી
17	સંપૂર્ણ	18	લવકુલ
19	સમય	20	વ્યર્થ
21	અચાનક	22	જૂની
23	ગદાઈ	24	શ્રેષ્ઠ
25	તીર્થ		

Published and Printed by BK Bhartiben R. Somiya for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Gujarat Offset Private Ltd. 'Offset House', Opp. Jain Ashram, Station Road, Vatva, Ahmedabad – 382 440. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Sukh Shanti Bhavan, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad - 380 022, Gujarat State, India. Edited by Dr. Nandini Harshadrai Dwivedi

સંગમયુગની પ્રશ્નાવલી

દૈવી ભાઈઓ અને બહેનો,

નવીનતાસભર ઈશ્વરીય જ્ઞાનખજાનો સંગમયુગની પ્રશ્નાવલી ભાગ - 9 જ્ઞાન-ચિંતનના આધારે અહીં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પ્રશ્નાવલીમાં ભરશો. આ પ્રશ્નાવલીના જવાબો આ જ અંકમાં અંદર આપેલ છે. તમારા જવાબોને સાચા જવાબો સાથે જરૂર ચકાસી જુઓ.

1. બાપને યાદ નથી કરતાં તો _____ની ઉછળ આવી ન શકે.
2. જિન _____ તિન ખોયા, રડવા વાળા પોતાનું પદ ગુમાવે છે.
3. દેહધારીઓ થી _____કાઢી દેવાનું છે.
4. _____ ની સંપતિને સાથે રાખી દીધી તો દિલમાં દિલારામ રહી નહીં શકે.
5. પોતાનાં દાતા સ્વરૂપને _____કરો.
6. એક સેકન્ડની દૃષ્ટિથી, અમૂલ્ય બોલથી તરસ્યા આત્માઓની _____ બુઝાવો.
7. તકદીરવાન બાળકો કાયદેસર _____પર ચાલશે.
8. તમારો રાજયોગ છે જ _____ દુનિયાનાં માટે.
9. _____સારી રીતે ભણીને ઊંચી તકદીર બનાવવાની છે.
10. જવાબદારી ઉઠાવવી અર્થાત્ _____ દુઆઓનાં અધિકારી બનવું.
11. વાણી અને _____ બંને સેવાઓ સાથે-સાથે કરો.
12. ભ્રષ્ટાચારીને _____બનાવવા વાળા એક જ બાપ છે.
13. આપ છો વિનાશકાળે_____ બુદ્ધિ.
14. જ્ઞાન અને યોગ થી _____ને પારસ બનાવવાની છે.
15. નષ્ટોમોહા બનવું છે તો સેવા અર્થ _____ રાખો, સ્વાર્થ થી નહીં.
16. નિર્વિઘ્ન અને _____રહી 108ની માળા તૈયાર કરો.
17. બ્રહ્મા બાપ સમાન સંપન્ન અને _____ બનો.
18. નોલેજફુલ, પાવરફુલ અને _____, આ ત્રણેય રૂપોથી સેવા કરો.
19. બાપ, _____ અને સ્વમાનને જાણે ત્યારે વારસાનાં અધિકારી બને.
20. _____સંકલ્પોનું નામ-નિશાન ન રહે.
21. _____પરિવર્તન થવાનું છે.
22. _____ દુનિયા ખતમ થઈ નવી દુનિયા આવી રહી છે.
23. પતિતથી પાવન બનવું, _____ છોડી રાજાઈ લેવી - આ જ સાચી સત્યનારાયણની કથા છે.
24. _____ બનવું છે તો બીજા કોઈ દેહધારીને યાદ ન કરો.
25. ભારત સૌથી ઊંચું _____છે.

(અચાનક, પ્રીત, સર્વિસ, મમત્વ, ભણતર, શ્રીમત, તીર્થ, નવી, વ્યર્થ, એવરરેડી, શ્રેષ્ઠાચારી, રોયા, પ્રત્યક્ષ, બુદ્ધિ, ગદાઈ, સ્નેહ, તરસ, શ્રેષ્ઠ, એક્સ્ટ્રા, રાવણ, જૂની, મન્સા, સંપૂર્ણ, સમય, લવફુલ)



વાંસદા પાસે પ્રતાપનગર ખાતે શ્રી માધ્યમિક ગ્રામ શાળામાં 'નશામુક્ત ભારત અભિયાન'માં સંદેશ આપી પ્રતિજ્ઞા કરાવતાં બ્ર.કુ. સાધનાબેન સાથે આચાર્ય ભ્રાતા મનીષભાઈ તથા શિક્ષકગણ.



સુખશાંતિ ભવન ખાતે 'ગણેશ મહોત્સવ'માં બ્ર.કુ. રાધિકાબેન, પૂર્વ ક્રિકેટ કોચ ચંદ્રબાળાબેન, બ્ર.કુ. જોત્સનાબેન, ડેરી વિકાસના સહાયક નિર્દેશક કરમશીભાઈ, હિસાબી અધિકારી બંકિમભાઈ, પંકજભાઈ ઠક્કર.



માળીયા-હાટીનામાં સેવાકેન્દ્રની મુલાકાતે પધારેલ નવનિયુક્ત પોલીસ ઈન્સ્પેક્ટર ભ્રાતા હનીફભાઈ હિંગોરજાને શોલ ઓઢાડી સન્માન કરતાં બ્ર.કુ. રૂપાબેન અને બ્ર.કુ. મીતાબેન.



મરોલી ખાતે 'જાયન્ટસ ગ્રુપ'ના ૪૯મા વાર્ષિક ઉત્સવે 'નશામુક્ત ભારત અભિયાન'નો સંદેશ આપ્યા બાદ ઉપાધ્યક્ષ ભ્રાતા રૂપેશભાઈને ઈશ્વરીય સોગાત આપતાં બ્ર.કુ. મુકેશબેન બાજુમાં સર્વ સભ્યો.



સુરત પરવટ ખાતે 'નશા મુક્તિ અભિયાન'માં પ્રતિજ્ઞા કરાવતાં બ્ર.કુ. સંગીતાબેન બાજુમાં CA ભ્રાતા નિલેશભાઈ, સોસાયટીના પ્રમુખ ભ્રાતા દિનેશભાઈ તથા અન્ય મહેમાનો.



માંજલપુરમાં 'સંગમ-ગૌરવપુર્ણ વૃધ્ધા અવસ્થા' કાર્યક્રમમાં અશોકપુરી મહારાજ, BJP જીલ્લા ઉપાધ્યક્ષ ભ્રાતા ગોપાલભાઈ, બ્ર.કુ. ધીરજબેન તથા અન્ય મહાનુભાવો.



સુરતમાં 'નો ડ્રગ્સ ઈન સુરત સીટી' મ્યુ. કૉરપોરેશન દ્વારા આયોજીત કાર્યક્રમમાં ઉચ્ચ અધિકારીઓ અને પોલીસ સ્ટાફ સાથે અડાજણ સેવાકેન્દ્રના બ્રહ્માકુમાર ભાઈ-બહેનો.



ઉમરગામ પાસે ધોડીપાડા ગામ ખાતે 'નશા મુક્તિ'ની પ્રતિજ્ઞા કરાવતાં બ્ર.કુ. સુનિતાબેન બાજુમાં ધારાસભ્ય રમણલાલ પાટકર.



વડોદરા અલકાપુરી દ્વારા નવનિર્મિત 'સાયલેન્સ રીટ્રીટ સેન્ટર'નું ઉદ્ઘાટન કરતાં ભારતના રાષ્ટ્રપતિ મહામહિમ શ્રીમતી દ્રોપદી મુર્મુ બાજુમાં ગુજરાત રાજ્યના રાજ્યપાલ મહામહિમ આચાર્ય દેવવ્રત, રાજયોગિની ભારતીદીદી, બ્ર.કુ. ડૉ. નિરંજનાબેન, બ્ર.કુ. ઉષાબેન. બાજુમાં રાષ્ટ્રપતિ મહામહિમ શ્રીમતી દ્રોપદી મુર્મુને મોમેન્ટો આપતાં બ્ર.કુ. ડૉ. નિરંજનાબેન.







વડોદરામાં 'લક્ષ્મી વિલાસ પેલેસ' ખાતે આયોજીત 'ભારત ધ લાઈટ હાઉસ : ગ્લોબલ ડાયલોગ'ના ઉદ્ઘાટન કાર્યક્રમમાં વડોદરાના રાજમાતા શ્રીમતી શુંભાગિની રાજે ગાયકવાડ, રાજયોગિની ભારતીદીદી, બ્ર.કુ. શિવાનીબેન, બ્ર.કુ. ચંદ્રિકાબેન, બ્ર.કુ. શારદાબેન, બ્ર.કુ. સરલાબેન, બ્ર.કુ. ડૉ. નિરંજનાબેન, બ્ર.કુ. રાજબેન, બ્ર.કુ. પ્રભાબેન, બ્ર.કુ. નેહાબેન, બ્ર.કુ. અરૂણાબેન તથા રાજમાતા શ્રીમતી શુંભાગિની રાજે ગાયકવાડને ડાયલોગનો મોમેન્ટો આપતાં રાજયોગિની ભારતીદીદી. ડાયલોગનો અનુભવ સંભળાવતાં ભારતીય જનતા યુવા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ ભ્રાતા ડૉ. હેમાંગ જોષી.



ભરૂચમાં પધારેલ ભારતના રાષ્ટ્રપતિ મહામહિમ શ્રીમતી દ્રોપદી મુર્મુ સાથે જ્ઞાનચર્ચા બાદ સમુહચિત્રમાં બ્ર.કુ. પ્રભાબેન સાથે ભરૂચ સબઝોનની બ્રહ્માકુમારી બહેનો.



રાજકોટના ગઢડા તાલુકા શાળામાં પધારેલ ગુજરાત રાજ્યના રાજ્યપાલ મહામહિમ આચાર્ય દેવવ્રત સાથે શુભેચ્છા મુલાકાત બાદ સમુહચિત્રમાં બ્ર.કુ. અંજુબેન, બ્ર.કુ. પુષ્પાબેન, બ્ર.કુ. અવનીબેન.

If Undelivered Please Return to Publishing Place :
BRAHMA KUMARIS, 'Sukh Shanti Bhawan', Opp. Municipal School-6,
Bhulabhai Park Road, Kankaria, Ahmedabad-380022. (Gujarat) INDIA

Publisher : Bharti Ranchhoddas Somaiya
Phone : 079- 25324460,
Email : gyanamrit.guj@gmail.com